


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૫-૦૬-૨૦૨૪ શનિવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ જેઠ સુદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૨૬૦

### વરતારા અને વરસાદની આશાએ ખેડૂતોએ કોરામાં વાવેતર તો કર્યુ પણ

# અમરેલી જિલ્લામાં આગાહીઓ ખોટી પડી : બિયારણ બગડ્યું

**રાજુલા જાફરાબાદમાં છ દિવસ પહેલા વાવણી લાયક વરસાદ થતાં કપાસીયા ચોપી દીધા પણ પાછળથી વરસાદ ન થતાં કપાસીયા ફટાકયા બની ગયાં**

**રાજુલા જાફરાબાદ વિસ્તારના ૭૫ ટકા ખેડૂતોએ વાવેતર કર્યુ હતું હવે ફરીથી વાવેતર કરવું પડે તેવી સ્થિતિ : ડેમ અને કુવાઓમાં પણ પાણી ખુટી ગયાં**

રાજુલા,(કનુભાઈ વરૂ)

રાજુલા તાલુકામાં છ દિવસ પહેલા વરસાદથી સાત ગામમાં વાવણી લાયક વરસાદ થતાં અને ખેડૂતોએ હિંમત કરી અને મોંઘા ભાવનું બિયારણ પણ વાવી દીધું ત્યારબાદ બીજા દિવસે મોટા ભાગના ખેડૂતોએ ઠંડક વાતાવરણ જોઈ અને કોરામાં વાવેતર ૭૫% ખેડૂતોએ કરી દીધું. ત્યારબાદ બીજે દિવસે ધીમો વરસાદના ઝાપટા પડ્યા જેને કારણે અંગોતરું વાવેતર તે ઊગીને ગોગડા થઈ બિયારણ ફૂલી ગયું હવે તેમાંથી કળી નીકળે નહીં તરત જ બળવા લાગ્યું અને ખેડૂતોમાં હાલ બીજું બિયારણ લેવાની તજવીજ હાથ ધરાય છે કારણ કે જે વાવેતર થયું કોકડાઈ ગૂગડાય તે ગરમીના કારણે બળવા લાગ્યું છે તે બિયારણ ત્રણ દિવસના

(અનુ. પાના નં.૭)

### ડીજીપી શ્રી વિકાસ સહાય દ્વારા સાયબર ક્રાઇમ ફ્રોડથી બચવા માટે જન જાગૃતિ અભિયાનનો પ્રારંભ

# અમરેલીમાં સાયબર ક્રાઇમ ફ્રોડ સામે શ્રી હિમકરસિંહ મેદાનમાં

**સાયબર ક્રાઇમ અટકાવવા માટે જુદા જુદા દસ પ્રકારનાં મુદ્દાઓની તકેદારી રાખવા અમરેલીનાં એસપીશ્રી હિમકરસિંહ દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં માહિતી અપાઇ**



અમરેલી,

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય સુચના હેઠળ અને પોલીસ મહાનિરીક્ષકશ્રી વિભાગ, ભાવનગર

(અનુ. પાના નં.૭)

# અકસ્માતનાં બનાવમાં વિમા કંપનીને રૂા. ૫૨ લાખ ચુકવવા કોર્ટનો આદેશ

**મોટર એક્સીડન્સટ ક્લેઇમ ટ્રીબ્યુનલ જજ શ્રી રિઝવાનાબેન બુખારીનો આદેશ**



અમરેલી, પોલીસ વિભાગમાં ફરજ બજાવતા સુરેશભાઈ વાળાનું અકસ્માતમાં મરણ જતા તેમના વારસદારોએ અકસ્માત વળતર મેળવવા અમરેલીનાં મોટર એકસીડન્ટ ટ્રીબ્યુનલમાં કેસ દાખલ કરેલ જે ક્લેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ ચાલી જતા અરજદારો તરફે રજુઆતને ધ્યાને લઈ અમરેલીનાં મોટર એકસીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલનાં જજ રીઝવાનાબેન

(અનુ. પાના નં.૭)

### દોઢ વર્ષની બાળકીને બચાવવા માટે તંત્રનાં અથાગ પ્રયાસો છતા સાંજ સુધી દારની અંદર દેખાતી બાળકીની હીલચાલ રાત્રે બંધ થઇ

# અમરેલીનાં સુરગપરામાં દોઢ વર્ષની બાળકી બોરમાં પડી

**દાર ૫૦૦ ફુટ ઉંડો હતો : વડોદરાની એનડીઆરએફ ટીમ અને રોબોટ સહિતની ટેકનોલોજી છતા રાત્રે ૧૧ વાગ્યા સુધી બાળકી બહાર ન નિકળી**



અમરેલી,


અમરેલીનાં સુરગપરા ગામે દોઢ વર્ષની બાળકી રમતા રમતા વાડીનાં બોરમાં પડી જતા ગાંધીનગરથી એનડીઆરએફની ટીમ રવાના થઈ છે. બાળકને બહાર કાઢવા રાજુલાથી યંત્ર રોબોટની ટીમ પણ બોલાવવામાં આવી

(અનુ. પાના નં.૫)



















### વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે ઉમિયાધામ સિદસર આયોજીત

# રાજકોટમાં રક્તદાન કેમ્પમાં સહભાગી થતા શ્રી પરશોત્તમ રૂપાલા

**રાજકોટમાં માતુશ્રી જેઠીબેન ગોરધનભાઇ ગોવાણી ઉમાભવન ખાતે વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે રક્તદાન કેમ્પ યોજાયો : અનેક દાતાઓએ અમુલ્ય રક્તદાન કર્યુ**

**રક્તદાન કેમ્પમાં સહભાગી થયેલ જાગૃત તમામ રક્તદાતાઓને પોતાની મુલ્યવાન સેવા આપવા બદલ અને સુંદર કાર્યક્રમ બદલ સર્વે આયોજકોને અભિનંદન પાઠવ્યાં**



અમરેલી, વિશ્વ રક્તદાતા 'દિવસ નિમિત્તે ઉમિયાધામ સિદસર દ્વારા માતુશ્રી જેઠીબેન ગોરધનભાઈ ગોવાણી ઉમાભવન મુકામે યોજવામાં આવેલ 'રક્તદાન કેમ્પ'માં સહભાગી થઈ ઉપસ્થિત સર્વે રક્તદાતાઓને પોતાની મૂલ્યવાન સેવા તેમજ સુંદર કાર્યક્રમ બદલ સર્વે આયોજકોને અંતઃકરણપૂર્વક અભિનંદન પાઠવ્યા હતાં.

## અમરેલીમાં સીટી પીઆઇ ડી. કે. વાઘેલાની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક મળી

**હિન્દુ-મુસ્લિમ આગેવાનોને તહેવારો કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં ઉજવવા અપીલ**



અમરેલી,અમરેલી સીટી પીઆઇ ડી.કે.વાઘેલાની ઉપસ્થિતિમાં સીટી પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં સીટી પીઆઇ ડી.કે.વાઘેલાએ કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં ઈદ ઉલ અઝહા (બકરી ઈદ) તેમજ ભીમ અગીયારસ જેવા તહેવારો ભાઈચારાથી ઉજવવા હિન્દુ મુસ્લિમ આગેવાનોને અપીલ કરી હતી. અને આગેવાનોએ પણ કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં તહેવારો ઉજવવા સમર્થન આપ્યું હતું. આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, દિલશાદભાઈ શેખ, ભગીરથભાઈ ત્રિવેદી, નાગદેવતા મંદિરનાં પુજારી હાર્દિકગીરી બાપુ, વિશ્વ હિન્દુ પરિષદ શહેરનાં પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડ, અજીજભાઈ ગોરી, નવાબ ગોરી, ફારૂકભાઈ બિલખીયા, એડવોકેટ સાજીદખાન પઠાણ, નિઝામબાપુ કાદરી, રાજુભાઈ મિલન, પાલિકાનાં સદસ્ય સનીભાઈ ડાબસરા, ઈલીયાસભાઈ મકરાણી, અજીમભાઈ લાખાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### અમરેલી શહેરમાં નવનિર્મિત બસ સ્ટેન્ડ તૈયાર થઇ જતા

## એસટી ડેપોનું ઝડપથી લોકાર્પણ કરી કાર્યરત કરવા રજૂઆત કરતા પૂર્વ સાંસદ શ્રી નારણભાઇ કાછડીયા

**રાજ્યના વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીને રજુઆત કરતા પુર્વ સાંસદશ્રી કાછડીયા**



અમરેલી,અમરેલી શહેર ખાતે રાજ્ય સરકારના વાહન વ્યવહાર મંત્રાલય અંતર્ગત નિર્માણ પામેલ બસ સ્ટેન્ડનું ઝડપથી કરી લોકોની સેવામાં ખુલ્લું મૂકવા બાબતે અમરેલીના પૂર્વ સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ ગુજરાત સરકારના વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને રજૂઆત કરી છે. પૂર્વ સાંસદે કરેલ રજૂઆત મુજબ અમરેલી શહેર ખાતે ઘણા સમયથી એસટી ડેપો તૈયાર થઈ ચુકેલ છે છતાં લોકોને આવન જાવન માટે ટેમ્પરરી ડેપોનો ઉપયોગ કરવો રહ્યો છે અને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી જિલ્લાના લોકો અને મુસાફરોને પડતી મુશ્કેલીઓ દૂર થાય અને તેઓને અત્યાધુનિક સુવિધાનો લાભ ઝડપથી મળતો થાય તે માટે તાત્કાલિક નવનિર્મિત ડેપોનું ઉદઘાટન થવું જરૂરી છે. અમરેલી ખાતે રાજ્ય સરકાર દ્વારા કરોડોના ખર્ચે અત્યાધુનિક સુવિધા સાથે બસ સ્ટેન્ડનું નિર્માણ થયું ત્યારે લોકોની સુખાકારી માટે તેનું ઝડપથી લોકાર્પણ કરી બસ સ્ટેન્ડને ખુલ્લું મૂકવા બાબતે પૂર્વ સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને રજૂઆત કરેલ છે.

## ચિતલમાં દેસાઇ કોટેક્ષની મૂલાકાતે વિહીપના આગેવાનો

**ગુજરાત પ્રદેશ વિશ્વ હિંદુ પરિષદના આગેવાનોનું સ્વાગત કરાયું**



અમરેલી,અમરેલીના ચિતલમાં અગ્રણી ઉદ્યોગપતી વિજયભાઈ દેસાઈના દેસાઈ કોટેક્ષની ગુજરાત વિશ્વ હિંદુ પરિષદ સંગઠન મંત્રી શ્રી રંગરાજ તથા પ્રદેશ ક્ષત્રીય મંત્રી શ્રી અશોકભાઈ રાવલ સહિતે દેસાઈ કોટેક્ષની શુભેચ્છા મુલાકાત લીધી હતી આ પ્રસંગે દેસાઈ કોટેક્ષના જયસુખભાઈ દેસાઈ, વિજયભાઈ દેસાઈ તથા વિહીપના જિલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ઉપાધ્યક્ષ રશ્મીનભાઈ ત્રિવેદીએ સ્વાગત કર્યુ હતુ. પ્રાંત સંગઠન મંત્રી કિરીટભાઈ મિસ્ત્રી, પ્રાંત ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી, સહમંત્રી રસીકભાઈ કણજારીયા, વિભાગીય મંત્રી જગદીશભાઈ રૈયાણી તથા સ્થાનિક આગેવાનો અશોકભાઈ માંગરોળીયા, સંજયભાઈ લીંબાસીયા, વી.ડી. લીંબાસીયા, ઉદયભાઈ દવે, રમેશભાઈ સોરઠીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા. દેસાઈ પરિવારની વિવિધ સેવાકીય ધાર્મિક સામાજીક પ્રવૃતિઓ સમાજને પ્રેરણા આપે છે તેમ વિહીપના અશોકભાઈ રાવળે જણાવ્યું હતુ.

### બિપરજોયનું એક વર્ષ: આ રીતે સરકારને મળી 'ઝીરો કેઝ્યુલ્ટી' સફળતા

## ૭૬ મલ્ટિપર્પઝ સાયક્લોન શેલ્ટર્સનું નિર્માણ ૧ લાખ ૫૬ હજારથી વધુ લોકોનું સ્થળાંતર

**આપદા મિત્ર યોજના અંતર્ગત ડિઝાસ્ટર રિસ્પોન્સની તાલીમ, જનભાગીદારીથી નિર્માણની પહેલ**

ગાંધીનગર, વર્ષોથી આપદા વ્યવસ્થાપન મુદ્દે ભારતમાં કોઈ ગહન વિચારણા અને કામગીરી ન થવાના લીધે, નાગરિકોને અપાર મુશ્કેલીઓ વેઠવી પડી છે. કુદરતના ફટકા સામે મનુષ્યની લાચારી દેખીતી હતી પણ નક્કર આયોજન અને દૂરંદેશી વિઝનના અભાવે, આ લાચારીમાં જાણે ઉમેરો થતો હતો. કુદરતી આફતો જે પર હંમેશા તલવારની જેમ લટકતી હોય, ત્યારે જરૂર હતી એક એવા વિઝનની, જે આપદા વ્યવસ્થાપનને સાચા અર્થમાં જમીન પર ઉતારે. વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા ઘાતકી ભૂકંપ બાદ માત્ર ૧૩ દિવસની અંદર જ, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની (ય્જીઘસ્છ) રચના બાદ આપદા વ્યવસ્થાપનને ઝીરો કેઝ્યુલ્ટીના ઉદ્દેશ તરફ લઈ જવાની શરૂઆત ગઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપદા વ્યવસ્થાપનની પ્રક્રિયા બદલી નાખી. જે રીતે આતંકવાદ અને સુરક્ષા સામે તેમણે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી છે, તે જ રીતે આપદા વ્યવસ્થાપન મુદ્દે પણ તેમનો અભિગમ 'ઝીરો કેઝ્યુલ્ટી'નો છે. તેમણે આપદા બાદ રાહત પહોંચાડવાની સાથોસાથ, આવનાર પૂર્વતૈયારીઓ પર વિશેષ ભાર મુક્યો અને છેવાડાના માનવી સુધી એ તૈયારીઓ પહોંચે, તે બાબત કેન્દ્રસ્થાને હતી. સરકારના તમામ વિભાગો વચ્ચેનું સંકલન સુદૃઢ કરવામાં આવ્યું અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, વર્ષ ૨૦૦૩માં ય્જીઘસ્છ કટના માધ્યમથી આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને વિશેષ સત્તાઓ આપવામાં આવી. હવે ગુજરાતનું આ મોડલ, દેશવ્યાપી થઈ ગયું છે. આ મોડલના પ્રભાવી અમલીકરણથી વર્ષ ૨૦૨૩ના જૂન મહિનામાં આવેલા બિપરજોય વાવાઝોડા દરમિયાન ઝીરો કેઝ્યુલ્ટીની સફળતા મળી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, એક ચોક્કસ કમ્યુનિકેશન પ્લાન, લાઈઝનીંગ, ફિલ્ડ સપોર્ટ, સ્થળાંતર માટે શેલ્ટર હોમની વ્યવસ્થા અને આપદા બાદની સ્થિતિની કામગીરી માટેનું ઝીણવટભર્યું આયોજન કરવામાં આવ્યું હતું. બિપરજોયના સમયગાળામાં ૧ જૂનથી ૧૭ જૂન ૨૦૨૩ દરમિયાન, ૨ કરોડ ૬૪ લાખ સંદેશ બનાસકાંઠા, કચ્છ, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, દ્વારકા, જામનગર, મોરબી અને જૂનાગઢના અસરગ્રસ્ત વિસ્તારોમાં તમામ ઓપરેટર્સના વપરાશકર્તાઓને મોકલવામાં આવ્યા હતા. ૨૭૧ કરોડના ખર્ચે રાજ્યમાં ૧૦ જિલ્લાઓમાં આ ૭૬ મલ્ટિપર્પઝ સાયક્લોન શેલ્ટર્સનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં જૂનાગઢમાં ૨૫, ગીર સોમનાથમાં ૨૯, પોરબંદરમાં ૪, દેવભૂમિ ૪, કચ્છમાં ૪, અમરેલીમાં ૨, જામનગરમાં ૧, નવસારીમાં ૧, ભરૂચમાં ૫ અને અમદાવાદમાં ૧ શેલ્ટરનો સમાવેશ થાય છે. આ સિવાય સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત અલગ અલગ તાલુકાઓમાં ૨૨૧૩ સેફ શેલ્ટર સ્થળોની ઓળખ કરી હતી. સરકારની સંવેદનશીલતા એ બાબત પરથી પણ સ્પષ્ટ થાય છે કે બિપરજોય સમયે ગીરના સિંહોના રેસ્કયુ માટે પણ એસઓપી તૈયાર હતી. ગીર સિવાય કચ્છમાં નારાયણ સરોવર અભ્યારણ્ય, માતાના મઢ અને પોરબંદરના બરડામાં ખાસ રેસ્કયુ ટીમ તહેનાત કરવામાં આવી હતી. એશિયાટિક સિંહોને બચાવવા માટે નવ ડિવિઝનમાં ૫૮ કન્ટ્રોલ રૂમ બનાવીને ટીમની રચના કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૬માં શઘસ્છદ્વારા 'આપદામિત્ર' યોજના જાહેર કરવામાં આવી હતી. ગુજરાતના ૧૭ જિલ્લામાં ૫૫૦૦ આપદામિત્ર તૈયાર કરવામાં આવ્યા છે. એસડીઆરએફ સાથે મળીને તેમને આપદા સમયે મદદરૂપ બનવા માટે જરૂરી તાલીમ આપવામાં આવી તેમને ડિઝાસ્ટર રિસ્પોન્સ માટે જીવન બચાવની જરૂરી સ્કિલ્સ, કોર્ડીનેશન, તેમજ આસિસ્ટન્સની તાલીમ અને ઈમરજન્સી રિસ્પોન્સ કિટ આપવામાં આવી છે. બિપરજોય સમયે ૩૮૩ આપદા મિત્રોએ એસડીઆરએફની ટીમ સાથે ગુજરાતના ૮ જિલ્લામાં સેવા આપી હતી. આ રીતે જનભાગીદારીનો વ્યાપ વધારીને લોકોને આપદા સામે વધુ સુરક્ષિત કરવાની દિશામાં આ પહેલ છે. તેના સ્થાનિક કક્ષાએ એક અનુભવી નેતૃત્વ પણ તૈયાર થઈ રહ્યું છે, જે આગામી સમયમાં આપદા વ્યવસ્થાપનમાં મદદરૂપ બની રહેશે.

## બાબરાનાં નિલવડા ગામે એટ્રોસીટીના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**આરોપી તરફે એડવોકેટ ગીરીશ દવે, સંજય મહેતાની દલીલો ગ્રાહય રાખી**

અમરેલી, બાબરાના નિલવડા ગામે એટ્રોસીટીના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. નિલવડા ગામે આરોપીઓ અમકુભાઈ ભાયાભાઈ ધાધલ, ગભરૂભાઈ ભાયાભાઈ ધાધલ, ભરતભાઈ ધોહાભાઈ ધુમલલીયા, કનુભાઈ કાળાભાઈ નાગલા, મનસુખભાઈ વાઘાભાઈ ઘોડા ઉપર એવો આક્ષેપ હતો કે આ કામના આરોપીઓને ફરીયાદી સોમાભાઈ હીરાભાઈ બગડાને લોખંડના પાઈપ વડે માર મારેલો જેથી આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૫૨, ૫૦૪, ૫૦૬(૨) અને જીપી એક્ટની કલમ ૧૩૫ તથા એટ્રોસીટીની કલમ ૩(૧) એએસ તથા ૩(૨)૫, મુજબ ગુનો નોંધાયેલો હતો તે કેસ અમરેલીના સ્પેશ્યલ જજની કોર્ટમાં સ્પેશ્યલ એટ્રો. કેસ નં. ૨૬/૨૦૧૬ ચાલી જતા કોર્ટ દ્વારા તમામ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરેલો આ કેસમાં તમામ આરોપી તરફે અમરેલીના એડવોકેટ ગીરીશ એમ.દવે તથા સંજય એ.મહેતા રોકાયા હતા.


**ધારીમાં વહેંચવાનું છે**

(૧) સારો ધંધો હેતુ ૧૬ રૂમનું ગેસ્ટહાઉસ.
(૨) દુકાનો નંગ - ૮ વહેંચવાની છે.
(૩) પ્લોટીંગની આખી પ્રિન્ટ - બિલ્ડરો માટે, રોકાણકારો માટે, રહેણાંકના પ્લોટ.
(૪) અજન્તા સો. માં બંગલો તથા પ્લોટ નંગ - ૩ વહેંચવાના છે.

મો.નં. ૯૪૨૬૯ ૨૭૦૬૧

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર**
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025

**પ્રોફેશનલ ફેમિલી સ્પા**
Since : 2018 (7 વર્ષ જુનુ)
PROFESSIONAL spa
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665


### જાહેર નિવિદા નં.૦૨ સને ૨૦૨૪-૨૫

શેત્રુંજી વન્યજીવ વિભાગ, પાલીતાણા હસ્તકની વિવિધ રેન્જોમાં ફેબ્રિકેટેડ તેમજ તેની સંલગ્ન આઈટમ/બાંધકામ/રીનોવેશન સંબધિત વિવિધ પાંચ લાખથી ઓછી રકમના છુટક સિવિલ કામો માટેની ઓનલાઈન જાહેર નિવિદા

| અ.નં | વિગત | | ૧ અંદાજીત રકમ / ૨ બાનાની રકમ | | ૩ ટેન્ડર ફી / ૪ શ્રેણી |
|---|---|---|---|---|---|
| ૧ | શેત્રુંજી વન્યજીવ વિભાગ હસ્તકની રેન્જના કાર્યક્ષેત્રમાં અમરેલી તથા ભાવનગર જિલ્લા માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ.આર.માં નિર્દિષ્ટ છુટક બાંધકામની કામગીરી | ૧<br>૨ | એકમ દીઠ<br>રૂા.૫૦૦૦૦૦/- | ૩<br>૪ | રૂા.૨૫૦૦.<br>છુટક બાંધકામની કામગીરીના અનુભવી ઇજારદાર |
| ૨ | ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | તા.૦૨/૦૭/૨૦૨૪ના રોજ સમય : ૧૧-૦૦ સુધી | | | |
| ૩ | પ્રિબીડ મિટિંગ તારી- | તા.૨૮/૦૬/૨૦૨૪, ૧૧.૦૦ કલાકે | | | |
| ૪ | ઓનલાઇન ધ્વારા ટેન્ડરમાં ભાવો મોકલવાની છેલ્લી તારીખ | તા.૦૨/૦૭/૨૦૨૪ સમય : ૧૧.૦૦ કલાક સુધી | | | |
| ૫ | ટેન્ડર ફી ,બાનાની રકમ, તેમજ જરૂરી દસ્તાવેજો રજી.પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ થી મોકલવાનો સમયગાળો . | તા.૦૩/૦૭/૨૦૨૪ના રોજ ૧૧.૦૦ કલાક સુધી(બંધ કવર ઉપર ઇજારદારે કઇ રેંજ માટે ટેન્ડર ભરેલ છે તે રેંજનુ નામ દર્શાવવાનુ રહેશે ટેન્ડર ટુ-બીડ કવર પધ્ધતિ મુજબ ભરવાનુ રહેશે). | | | |
| ૬ | ઓપનીંગ તારીખ, સ્થળ અને સમય | તા.૦૩/૦૭/૨૦૨૪ના રોજ ૧૨.૦૦ કલાકે નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, શેત્રુંજી વન્યજીવ વિભાગ-પાલીતાણા, રેલ્વે ફાટક પાસે, રિલાયન્સ પેટ્રોલપંપની પાછળ, રાજસ્થળી રોડ, તા-પાલીતાણા-૩૬૪૨૭૦, જી-ભાવનગર | | | |
| ૭ | ટેન્ડર નોટીસની વિગત તથા ટેન્ડર દર્શાવતી વેબસાઇટ | https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે. | | | |

જિમાકા/અમરે/૨૬/૨૪

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૫-૦૬-૨૦૨૪ શનિવાર

# દેશની સૌથી દુ:ખી ગણાતી ઓરિસ્સાની પ્રજાને પહેલીવાર ભાજપ સરકાર મળી

ભારતમાં અનેક રાજ્યો છે અને તેમાં એક ઓરિસ્સા પણ છે. આ ઘણી બધી રીતે ઐતિહાસિક રાજ્ય છે. અહીંની પ્રજા બહુ જ મહેનત કરે છે પરંતુ કદી પણ ભાગ્યે એને સાથ આપ્યો નથી. ઓરિસ્સાના લોકોના શરીર દુબળા પાછળ હોય છે, પરંતુ એમની તાકાત અદ્વિતીય હોય છે. ભારતમાં જે કેટલાક પ્રદેશના મજૂરો વખણાય છે એમાં ઓરિસ્સા પણ છે. આપણા ગોધરાવાળા કામદારો કરતાં પણ તેઓ અનેકગણી તાકાત ધરાવે છે. પરંતુ તેમના વ્યક્તિગત જીવન અને પારિવારિક જીવન બહુ જ દુ:ખથી ભરેલા છે. અનેક સરકારો આવી અને ગઈ. છેલ્લે તો નવીન પટનાયકની સરકાર છેલ્લા ૨૪ વર્ષ થી અહીં કામ કરતી હતી.

પરંતુ એનાથી પણ ઓરિસ્સા બહુ ઊંચું આવ્યું નથી. તો પણ અહીંની પ્રજા નવીન પટનાયકને એક ભગવાનની જેમ પૂજતી હતી. હવે એમાં ભાજપે વચ્ચે છલાંગ લગાવી છે. પ્રજાને થયું કે ચાલો થોડું પરિવર્તન કરીએ એટલે આ વખતે ભાજપને ખોબલે ખોબલે મત મળ્યા છે અને ભાજપની સત્તા સ્થાપિત થઈ ગઈ છે. હવે જોવાનું એ છે કે દેશના સૌથી દુ:ખી કહેવાય એવા આ પ્રજાજનો સાથે આગામી પાંચ વર્ષ ભાજપની નવી રાજ્ય સરકાર કેવી રીતે કામ કરે છે.

ઓરિસ્સામાં ચોવીસ વર્ષ પછી બીજી પાર્ટીની સરકાર બની છે. છેલ્લી પાંચ વિધાનસભાની ચૂંટણીમાં બીજુ જનતા દળ સતત સત્તામાં રહ્યું હતું. આ વખતે ભાજપે બીજેડીથી અલગ થઈને સ્વતંત્ર ચૂંટણી લડી અને સત્તા પર આવી. આ નિ:શંકપણે ત્યાંના લોકોની પરિવર્તન માટેની આકાંક્ષાનું પરિણામ છે. આ રીતે ભાજપને પણ પૂર્વમાં પોતાનું સ્થાન બનાવવાનો મોકો મળ્યો છે. ઓરિસ્સામાં પ્રથમ વખત તેની સરકાર બની છે. નવા મુખ્યમંત્રી તરીકે આદિવાસી સમુદાયના મોહન ચરણ માઝીને રાજ્યની કમાન સોંપવામાં આવી છે. શપથ લેતા પહેલા જ માઝીએ આદિવાસી સમાજના કલ્યાણ માટે સંકલ્પ લીધો હતો, આશા છે કે તે તેને પૂર્ણ કરશે. જોકે, તેના માટે નવીન પટનાયકના ચોવીસ વર્ષના લાંબા કાર્યકાળના પ્રભાવમાંથી લોકોને બહાર લાવવા એ એક મોટો પડકાર છે. નવીન પટનાયકના કામને લઈને લોકોમાં કોઈ ખાસ નારાજગી નહોતી, તેથી માઝીએ કંઈક અલગ જ કરીને બતાવવું પડશે.

માઝી વિશે એક સારી વાત એ છે કે કેન્દ્રમાં પણ તેમની પાર્ટીની સરકાર છે, તેથી યોજનાઓ અને નીતિઓના અમલીકરણમાં કોઈ અડચણનો અવકાશ રહેશે નહીં. એમને ડબલ એન્જિનનો લાભ મળશે. જો કે નવીન પટનાયકના કેન્દ્ર સરકાર સાથેના સંબંધોમાં ક્યારેય કડવાશ આવી ન હતી. નવીન પટનાયક દ્વારા ઓરિસ્સાને બિમાર રાજ્યોની શ્રેણીમાંથી બહાર કાઢવા, ત્યાંના લોકોની ગરીબી દૂર કરવા, શિક્ષણ અને તબીબી વગેરે ક્ષેત્રોમાં સુધારો કરવા અને રાજ્યનો વિકાસ કરવા માટે હાથ ધરવામાં આવેલા વિકાસ પ્રોજેક્ટ્સની દરેક વ્યક્તિ પ્રશંસા કરે છે. પરંતુ વિકાસ પ્રોજેક્ટોને કારણે જમીન સંપાદનને લઈને નિયમગિરી જેવા કેટલાક વિસ્તારોના આદિવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે, તેથી તેઓ ચોક્કસપણે માઝી સરકાર પાસેથી ઘણી અપેક્ષાઓ ધરાવે છે.

આ ઉપરાંત ત્યાં સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવાનો પડકાર પણ રહેશે. નવીન પટનાયક હંમેશા એનડીએ સાથે રહ્યા, પરંતુ જ્યારે કંધમાલમાં ખ્રિસ્તી મિશનરીઓ પર હુમલો થયો ત્યારે તેઓ તેનાથી અલગ થઈ ગયા. ઉડિયા સમાજ પર તેની ઘણી અસર થઈ. નવી સરકાર તેને કેટલી સુરક્ષિત રાખવામાં સક્ષમ છે તે જોવાનું રહે છે. અત્યારે પણ ઓડિશાની છબી ખૂબ જ ગરીબ અને પછાત રાજ્યની છે, માઝી તે છબીને કેટલી બદલી શકશે તેના પરથી તેની સફળતા માપવામાં આવશે. લોકસભા ચૂંટણી અને ઓરિસ્સા વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપે બીજેડી નેતા નવીન પટનાયક અને તેમની પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઘણી વખત બીજેડી નેતા પર નિશાન સાધ્યું હતું.

જો કે, મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન તે તણાવ ઓછો થતો જોવા મળ્યો હતો. રાજ્યના મુખ્યમંત્રી મોહન ચરણ માંઝી પોતે નવીન પટનાયકને શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા આમંત્રણ આપવા પહોંચ્યા હતા. તેમના આમંત્રણ પર તેઓ મંચ પર પહોંચ્યા ત્યારે ભાજપના નેતાઓએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે વડાપ્રધાન મોદી સાથે પણ સારી વાતચીત કરી હતી. શપથ ગ્રહણ સમારોહનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં પીએમ મોદી અને પટનાયક એકબીજા સાથે વાત કરતા જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી દરમિયાન બંને નેતાઓએ એકબીજા પર જોરદાર પ્રહારો કર્યા હતા. જો કે, આ પહેલા પીએમ મોદીના બીજા કાર્યકાળ દરમિયાન બીજેડીએ ઘણી વખત ભાજપ સરકારને સમર્થન આપ્યું હતું. બીજેડીના સમર્થનથી ઘણા બિલો પણ પસાર કરવામાં આવ્યા હતા.

ચૂંટણી પ્રચાર દરમિયાન પીએમ મોદીએ નવીન પટનાયકને રાજ્ય વિશેના તેમના જ્ઞાન અંગે સવાલ કર્યા હતા. મોદીએ પટનાયકને જિલ્લાના નામ અને તેમના મુખ્યાલયો જણાવવા પડકાર ફેંક્યો હતો. તત્કાલીન મુખ્યમંત્રીએ વળતો પ્રહાર કર્યો અને પીએમને તેમના તમામ ભૂલાઈ ગયેલા વચનો યાદ કરાવ્યા હતા. બીજેડીના વડાએ પીએમ પર તેમના પિતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બીજુ પટનાયક તેમજ ઊડિયા ભાષા સહિત ભારત રત્ન માટે 'ઓડિશાના બહાદુર પુત્રો' ને અવગણવાનો આરોપ પણ મૂક્યો હતો. ચૂંટણી પહેલા પીએમ મોદીએ કહ્યું હતું કે રાજ્યમાં બીજેપીના મુખ્યમંત્રી ૧૦ જૂને શપથ લેશે અને બીજેડીએ આ નિવેદનની મજાક ઉડાવી હતી. પરંતુ મોદીના એ સંકલ્પ વચનનો ઓરિસ્સાની પ્રજાએ આ વખતે સાક્ષાત્કાર કર્યો છે.

## અમરેલી જિલ્લામાં તહેવારો પૂર્વે શકુનીઓ મેદાનમાં આવ્યા

# અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા ૪ સ્થળે જુગારનાં દરોડા પાડી ૨ મહિલા સહિત ૨૧ શખ્સોને ઝડપી પાડયા

### પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડ અને ૧૩ મોબાઇલ મળી રૂા.૧,૬૦,૦૯૦નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન નીચે તહેવારો નજીક આવતા હોવાથી શકુનીઓ મેદાનમાં આવતા પોલીસે લાલ આંખ કરી અમરેલી જિલ્લામાં જુદા જુદા ૪ સ્થળોએ જુગારના દરોડાઓ પાડી ૨ મહિલા સહિત ૨૧ શખ્સોને ૧૩ મોબાઈલ અને રોકડ રકમ મળી રૂા.૧,૬૦,૦૯૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

રાજુલા તાલુકાના ચારોડીયા ગામે ધાર વિસ્તારમાં આવેલ મધુ આપાની દુકાન પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે હારજીતનો જુગાર રમતા મહેશ જેરામભાઈ ડોબરીયા, નિતિન નનુભાઈ માંડણકા, મધુ આપાભાઈ ધાખડા રહે. ચારોડીયા, ભરત બાબુભાઈ ધાખડા રહે. વાવેરા, કનુ વલકુભાઈ ધાખડા રહે. ચારોડીયાવાળાને લોકરક્ષક લાલાભાઈ ખરબીયાએ રોકડ રૂપિયા ૧૭,૩૬૦ સાથે, અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામની સીમમાં હરેશ વિનુભાઈ ભાદાણીની વાડી પાસે જાહેરમાં બતીના અજવાળે હારજીતનો જુગાર રમતા ધર્મેશ વિઠલભાઈ બાંભરોલીયા, રાજેશ મનસુખભાઈ બાંભરોલીયા રહે. ભુતિયા, હરેશ વિનુભાઈ ભાદાણી, જગદિશ મધુભાઈ ભાદાણી રહે. નાના માચીયાળા, વિઠલ હરિભાઈ સોરઠીયા, વિશાલ નનુભાઈ ગોહિલ, દિપક ગોરધનભાઈ ડાભી રહે. ભુતીયાવાળાને પો.કોન્સ. કૌશિકભાઈ ટિલાવતે રોકડ રૂા. ૨૧,૧૮૦ અને સાત મોબાઈલ રૂા.૩૦,૫૦૦ હાથ બતી સહિત કુલ રૂા. ૫૧,૭૩૦ સાથે તેમજ અમરેલી તાલુકાના લાલવદર ગામની સીમ વિસ્તારમાં કિશન રાજુભાઈ વાળાની વાડીના સેઢા પાસે જાહેર રસ્તા ઉપર હારજીતનો જુગાર રમતા કિશન રાજુભાઈ વાળા, બળવીર ધીરૂભાઈ ખુમાણ, દેવેન્દ્ર ગીરીશભાઈ વાઘેલા, પરેશ પ્રાણભાઈ ચાવડાગોર, જયોત્સનાબેન કાળુભાઈ સાકરીયા, દેવીબેન હર્ષદભાઈ વ્યાસ, માલતીબેન અરજણભાઈ ભુવાને પો.કોન્સ. ફારૂકભાઈ પઠાણે રોકડ રૂા. ૧૪,૪૯૦ તથા ૬ મોબાઈલ રૂા.૭૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૮૯,૪૮૦ તથા રાજુલા તાલુકાના ભચાદર ગામે પીર ચોકમાં ભરત વલકુભાઈ ધાખડા, ભીખુ લખુભાઈ બોરીચાને લોકરક્ષક અનિલભાઈ ડાભીએ રોકડ રૂપિયા ૧૫૨૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

## માનેલ ભાઇને મારમારતા વચ્ચે છોડાવવા જતાં

# જાફરાબાદના રોહિશા ગામે પરિણીતા ઉપર હુમલો

### મારમારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) જાફરાબાદ તાલુકાના રોહિશા ગામે વડલા ચોક પાસે ક્રિષ્ના ટેઈલરની બાજુમાં હંસાબેન રમેશભાઈ પરમાર ઉ.વ.૩૫ તા.૧૨-૬ના સાંજના પોતાના ઘરેથી બજારમાં શાકભાજી લેવા માટે જતાં હતાં. તે સમયે વડલા ચોક પાસે ક્રિષ્ના ટેઈલર બાજુમાં હંસાબેનના માનેલા ભાઈ નરસિંહભાઈ મકવાણાને અરવિંદ, મહેશ, અજરણ, લાલજી ચુડાસમા ગડદા પાટુ વડે મારમારતા હોય અને ગાળો બોલતા હોય જેથી હંસાબેન નરસિંહભાઈને છોડાવવા જતાં આરોપીઓએ હંસાબેનને ગડદા પાટુનો મારમારી કપડા ફાડી નાખી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## કોઇ કામ ધંધો મળતો ન હોય આર્થિક સંક્રામણથી

# સરભંડામાં યુવાને સોડામાં નાખી ઝેરી પાઉડર પીધો

### ઝેરી અસર થતાં સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમાં ખસેડાયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) અમરેલી તાલુકાના સરંભડા ગામે રહેતાં રોહિતભાઈ ભોજાભાઈ ઝાલા ઉ.વ.૨૭ને છેલ્લા એક મહિનાથી કોઈ કામધંધો મળતો ન હોય જેથી ઘર કેમ ચલાવું તેનો વિચાર આવતાં ઘર ચલાવવા માટે પૈસા પણ નહોય જેથી મરી જવાનો વિચાર આવતા પોતે પોતાની મેળે ઘંઉમાં નાખવાનો ઝેરી પાઉડર સોડામાં નાખી પી જતાં ઝેરી અસર થતાં અમરેલી સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

# જાફરાબાદના રોહિશામાં પ્રૌઢાને મકાન ખાલી કરી દેવાનું જણાવી પરેશાન કરી

### એક મહિલા સહિત ત્રણ કુટુંબીઓએ મકાન ખાલી કરી દેવાનું જણાવી પરેશાન કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)જાફરાબાદ મરીનના રોહિશા ગામે સાધનાબેન મોહનભાઈ બાંભણીયા ઉ.વ.૪૦ને ફકીર વાહાભાઈ બાંભણીયાએ અવાર નવાર ગાળો બોલતા હોય તેમજ જીતુ ફકીરભાઈ, જયાબેન જીતુભાઈ બાંભણીયાએ ફકીરને ચડામણી કરી સાધનાબેનને અવાર નવાર ગાળો બોલી મકાન ખાલી કરી દેવાનું જણાવી હેરાનપરેશાન કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીમાં બાઇક પાસે ઉભેલ યુવાનને કારે હડફેટે લેતા ઇજા

### હડફેટે લઇ કમરના ભાગે ફેકચર કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ધારી લાઈનપરાના રેલ્વેપુલ પાસે સરદાર નગર શેરી નં.૪ તા.ધારી હિતેષભાઈ પ્રવણભાઈ રાંક તથા મનોજભાઈ ભીખુભાઈ સાંગાણી બન્ને પોતાનુ કન્ટ્રકશનનું કામ ચાલતુ હોય જે માટે વસ્તુ લેવા ધારી પોતાનું બાઈક જીજે ૦૪ એએલ ૩૫૩૯નું લઈને જતાં હોય અને બાથરૂમ જવા માટે ધારી લાઈનપરામાં રેલ્વે પુલ પાસે બાઈક ઉભુ રાખી હિતેષભાઈ બાથરૂમ જવા ગયેલ અને મનોજભાઈ બાઈક ઉભા હોય તેવામાં ધારી બાજુથી આવતી મારૂતિ બ્રેઝા જી જે ૦૪ એપી ૯૯૮૮ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ભટકાવી પછાડી દઈ કમરના ભાગે હાડકામાં ફેકચર કરી નાસી ગયાની હિતેષભાઈ રાંકે ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં છ નસેડીઓ ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી છ શખ્સોને નશો કરેલ હાલતમાં પોલીસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં લીલીયા, ધારી, બાબરા અને અમરેલી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# જાફરાબાદના બલાણાના પ્રૌઢનું દરિયામાં ડુબી જવાથી મોત થયું

### સરકેશ્વરના દરિયામાં મચ્છીમારી કરવા દરિયામાં ઉંડે જતાં બનેલી ઘટના

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) જાફરાબાદ તાલુકાના બલાણા ગામે રહેતાં નારણભાઈ લભાભાઈ મકવાણા ઉ.વ.૫૫ તા.૧૩-૬ના સવારે સરકેશ્વરના દરિયા અંદર માચ્છી મારી કરવા ગયેલ દરિયામાં ઉંડે જતાં રહેતાં ડુબી જવાથી મોત નિપજયાનું મહેશભાઈ નારણભાઈ મકવાણાએ જાફરાબાદ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## આગામી ઇદ તહેવારને અનુલક્ષીને

# બાબરામાં શાંતિ સમિતિની બેઠક મળી

### પર્વની શાંતિથી ઉજવણી થાય તે માટે બેઠકમાં ચર્ચા કરી



બાબરા,(દિપક કનૈયા)બાબરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી આગામી તહેવારોના અનુલક્ષીને દિપક કનૈયા બાબરા દ્વારા તારીખ ૧૩/૦૬/૨૦૨૪ના રોજ કલાક સાંજે એ આગામી બકરી ઈદ તહેવાર અંતર્ગત શાંતિ સમિતિની મીટીંગ બાબરા પોલીસ સ્ટેશન ખાતે ઈન્ચાર્જ પીઆઈ શ્રી એ એમ રાધનપરા ની અધ્યક્ષતામાં રાખેલ જેમાં બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારના રાજકીય-વેપારી-સામાજિક-વકીલ-મીડિયા આગેવાનશ્રીઓ હિન્દુ-મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# લાઠી નજીક શેખપીપરીયા ગામેથી વાલીપણામાંથી સગીરાને ભગાડી

### ગામનો જ શખ્સ લગ્નની લાલચ આપી ભગાડી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) લાઠી તાલુકાના શેખપીપરીયા ગામે સગીરાને તેના જ ગામના જયદિપ વિનુભાઈ પટેલે લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી વાલીપણામાંથી ભાગડી ગયાની સગીરાના પિતાએ લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં જીવલેણ હુમલા, લુંટના ગુનામાં આરોપી ઝડપાયો

### પોલીસ ધરપકડથી બચવા નાસતા ફરતા આરોપીને ઝડપી લેતી અમરેલી સિટી પોલીસ



અમરેલી,અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય.જે અન્વયે સીટી પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલા તથા પો.સબ.ઈન્સ. કે.કે.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા અમરેલી સીટી પો.સ્ટે. પાર્ટ-છગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૪૦૩૮૦/૨૦૨૪, IPC કલમ- ૩૦૭,૩૯૪, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૩૫૪, ૫૦૬(૨), ૩૪ તથા G.P. Act કલમ-૧૩૫ મુજબના ગુન્હામા બે આરોપીની સંડોવણી હોઈ જેમાં અગાઉ સદર ગુન્હો બન્યાના ગણતરીના કલાકોમાં આરોપીને શોધી પકડી પાડવામાં આવેલ તેમજ સદર ગુન્હાના બીજો આરોપી જે પોલીસ ધરપકડથી બચવા સારૂ નાસ્તો ફરતો હોય તેને આજરોજ ટેકનિકલ સોર્સ તેમજ હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી મળતા આરોપી ડોસલભાઈ નાનાભાઈ વાળા ઉ.વ.૬૫ ધંધો.નિવૃત હનુમાનપરા રોડ, મોહનનગર, ગોકુળ ગાર્ડન સામે તા.જી.અમરેલીવાળાને મહુવા જી.ભાવનગર વિસ્તારમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૫.૬.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ જેઠ સુદ નોમ , ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ,વ્યતિપાત યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : તબિયતની કાળજી લેવી,ખાવા પીવા માં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.
વૃષભ (બ,વ,ઉ) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.
મિથુન (ક,છ,ઘ) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ,પ્રગતિ થાય,આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.
કર્ક (ડ,હ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય,મિત્રોની મદદ મળી રહે.
સિંહ (મ,ટ) : તમારા યોગ્ય વાણી-વર્તન થી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો,સામી વ્યક્તિ પાસે થી કામ લઈ શકો ,શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ) : તમારા ક્ષેત્ર માં તમે આગળ વધી શકો,રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.
તુલા (ર,ત) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો .
વૃશ્ચિક (ન ,ય) : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ ): નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય,ધંધા રોજગાર માં સારું રહે,પ્રગતિ થાય.
મકર (ખ,જ) : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથમાં આવે.
કુંભ (ગ ,સ,શ) : ભ્રમની સ્થિતિઓમાં થી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.
મીન (દ,ચ,ઝ,થ): આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

# અમરેલીનાં હનુમાનપરા તેમજ ચાંદની ચોકમાં મોબાઇલ ચોરાયા

### અમરેલી સીટી પોલીસ મથકમાં ફરિયાદો નોંધાઇ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)અમરેલી શહેરમાં હનુમાનપરા ઉદ્યોગનગર વિસ્તારમાં આવેલ સૌરાષ્ટ્ર ટ્રેકટરના શોરૂમ ટેસ્ટ ડ્રાઈવ દરમિયાન સાવરકુંડલા તાલુકાના ભેકરા ગામના ભાભલુભાઈ નાથાભાઈ જોગરાણાનો ઓપો કંપનીનો મોબાઈલ કિંમત રૂા. ૫૦૦૦નો ખીસામાંથી પડી જતાં કોઈ ચોરી ગયાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે ચાંદની ચોકમાં સાવન રાજુભાઈ ગલસાણીયાનો ઓપો કંપનીનો રૂા.૭૦૦૦ની કિંમતનો મોબાઈલ તા.૨૭-૧-૨૪ના રાત્રીના ચાંદની ચોકમાં વિડીયો ગ્રાફી કરવા આવેલ અને પોતાની ફોરવ્હીલની પાછળની સીટમાં મોબાઈલ મુકી સુઇ ગયેલ અને ડોર લોક ખુલ્લો રહી જતાં કોઈ મોબાઈલ ચોરી ગયાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

રાજકોટ

સૌરાષ્ટ બાજ ખેડાવાલ સુરેશચંદ્ર પીતાંબરભાઈ દવે, મૂળ રાણસિકી હાલ અમદાવાદ નો દેહાવશાન તા. ૧૩/૦૬/૨૦૨૪ ના રોજ થયેલ છે. તેમનું બેસણું શનિવાર તા. ૧૫/૦૬/૨૦૨૪ સમય:૯ થી ૧૧ તેમના અમદાવાદ ખાતેના નિવાસસ્થાને રાખેલ તેઓ હીનાબેન ના પતિ, વરીષ્ઠ પત્રકાર મહાદેવ એસ દવેના પિતા, શ્રી ગુણવંતરાય, જટાશંકરભાઈ, પ્રતાપભાઈ, ઘનશ્યામભાઈના ભાઈ તથા દેવેન્દ્ર, કેતન, પ્રશાંતના કાકા અને રાધેશ્યામ, અર્જુનના બાપુજી અને યમનના દાદા થાય.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૯૫૭ થી ૧૪૭૬ મગફળી ૧૦૦૦ થી ૧૨૮૩

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૯૨-૧૧૯૭
શિંગમોટી-૧૦૦૦-૧૨૮૩
મગ-૧૨૦૦-૧૬૩૮
તલસફેદ-૧૮૦૦-૩૦૦૦
તલકાળા-૨૨૮૦-૩૨૭૯
એરંડા-૯૪૬-૧૧૦૦
ઘઉંટુકડા-૪૭૦-૫૮૨
ઘઉંલોકવન-૪૭૧-૫૬૬
અડદ-૧૭૯૫-૧૮૫૦
ચણા-૧૦૦૦-૧૩૧૭
કપાસ-૯૫૭-૧૪૭૬
જુવાર-૪૦૩-૮૪૧
જીરૂ-૨૦૦૦-૫૩૧૦
ધાણા-૭૪૦-૧૪૨૦
સોયાબીન-૭૫૮-૮૮૬
અજમા-
રાયડો--

**અમરેલી શાકભાજી**
બટેટા-૪૨૦-૫૪૦
રીંગણા-૫૦૦-૮૦૦
ફલાવર-૫૦૦-૭૦૦
કોબીઝ-૨૫૦-૩૦૦
ટમેટાં-૬૦૦-૮૦૦
વટાણા-૨૦૦૦-૨૨૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૧૬૦૦-૧૮૦૦
દુધી-૩૦૦-૪૦૦
તુરીયા-૮૦૦-૧૦૦૦
ભીડો-૭૦૦-૮૦૦
આદુ-૨૪૦૦-૨૮૦૦
કોથમીર-૧૨૦૦-૧૪૦૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૧૦૦૦-૧૧૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૮૦
મરચાલીલા-૮૦૦-૯૦૦
લસણસુકું-૧૯૦૦-૨૫૦૦
લીંબુ-૮૦૦-૧૨૦૦
પાલક-૬૦૦-૭૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૧૫-૪૯૦
જુવાર-૪૪૧-૮૭૬
ઘઉં-૪૯૦-૫૬૮
રાય-૮૨૫-૮૨૫
ચણા-૯૦૦-૧૨૯૦
તલસફેદ-૧૯૦૦-૨૫૮૦
મગ-૧૫૨૫-૧૬૧૯
મકાઈ-૪૨૫-૫૧૬
કપાસ-૧૧૦૦-૧૪૫૧
તલકાળા-૨૬૭૦-૨૭૨૫
સોયાબીન-૮૫૧-૮૫૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૧૦-૬૨૫
ડુંગળીલાલ-૧૦૦-૫૦૧
ડુંગળીસફદે-૨૫૫-૩૫૦
તલસફેદ-૧૫૦૦-૨૬૪૯
તુવેર-૧૮૦૦-૧૮૦૦
અડદ-૧૦૫૫-૨૨૦૫
ચણા-૯૫૮-૧૩૨૧
નાળીયેર-૪૭૦-૧૭૭૬
મગ-૧૩૪૦-૧૭૦૦
કપાસ-૮૯૯-૧૨૫૬
મકાઈ-૩૮૦-૫૧૨

**બાબરા**
કપાસ-૧૨૬૩-૧૫૦૩
મગ-
ચણા-૧૧૭૩-૧૩૦૭
ઘઉં-૪૮૫-૫૪૫
જુવાર--
જીરૂ-૪૬૩૦-૫૪૦૦
મગફળી-૧૦૬૨-૧૧૯૮
તલસફેદ-૨૪૩૦-૨૬૦૦
બાજરો-

**ધારી**
કપાસ-૯૭૬-૧૩૦૦
મગફળી-૯૩૦-૧૧૧૫
તલ-૨૩૮૯-૨૪૮૧
મગ--
જુવાર--
ચણા-૧૨૬૬-૧૩૦૫
ઘઉં-૫૦૭-૫૦૭
શીંગફાડા-૧૪૬૦-૧૪૯૫
ધાણા-૯૨૦-૧૩૧૬
સોયાબીન-૮૫૦-૮૬૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૯૦૦-૧૧૮૧
તલસફેદ-૨૫૦૦-૨૭૨૦
જીરૂ-૫૧૦૦-૫૪૯૧
અડદ-૧૭૦૦-૧૮૪૧
કપાસ-૧૩૫૧-૧૪૫૧
ઘઉં-૪૭૫-૫૩૨
મગ-૧૫૦૦-૧૭૯૫
સોયાબીન-૮૦૦-૮૫૬
ચણા-૧૧૫૦-૧૩૦૫
બાજરો-૪૦૦-૫૨૫
જુવાર-૪૩૫-૮૮૮

**ખાંભા**
કપાસ-૧૧૫૨-૧૪૦૬
ઘઉં--
જુવારસફેદ-૮૭૧-૯૦૧
જીરૂ--
એરંડા-૧૦૫૮-૧૦૫૮
તલ-૨૨૭૫-૨૪૩૬
ચણા-૧૨૮૫-૧૨૮૫
મગફળી-૧૦૬૧-૧૦૬૧

**બગસરા**
કપાસ-૧૦૦૦-૧૩૧૦
મગ-૧૨૦૦-૧૬૨૫

ધાણા-૧૦૧૦-૧૨૦૦
મેથી-૭૦૦-૧૦૩૫
તુવેર-૧૫૦૦-૧૯૧૫
મગ-૧૨૦૦-૧૬૨૫
વાલ--
બાજરો-૩૫૧-૩૮૧
શીંગફાડા-૧૪૦૦-૧૪૭૦
સોયાબીન-૬૨૫-૮૫૩
જુવાર-૭૦૦-૭૯૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૬૦૦-૧૦૦૦
દાડમ-૧૫૦૦-૨૦૦૦
મુસંબી-૧૦૦૦-૧૪૦૦
સંતરા-૧૮૦૦-૨૪૦૦
કીવી-૩૫૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૪૦૦-૪૨૦૦
કેરી-૧૨૦૦-૨૧૦૦
તડબુચ-૧૮૦-૨૯૦
કેળા-૩૦૦-૪૫૦
પોપૈયા-૫૦૦-૮૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૪૦૦-૩૮૦૦
અનાનસ-૧૦૦૦-૧૫૦૦

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૦.૩
ન્યુનતમ તાપમાન ૨૭.૩
ભેજનું પ્રમાણ ૮૫
પવનની ગતિ સરેરાશ-૯.૭

### અમરેલી જિલ્લા યુવા આહિર સમાજનાં પ્રમુખ શ્રી કમલેશ ગરણીયાનાં નેતૃત્વમાં

# અમરેલી જિલ્લા યુવા આહિર સમાજ દ્વારા ત્રિવિધ કાર્યક્રમો યોજાશે

## જિલ્લા આહિર સમાજના તેજસ્વી તારલા, રાજકીય સામાજિક આગેવાનોનું સન્માન : કર્મચારી મંડળની રચના સાથે સમુહલગ્નોત્સવનું આયોજન કરાશે

અમરેલી,

સમયની સાથે પરિવર્તનશીલ યુગમાં વિકાસની ગતી સાથે તાલ મિલાવવા માટે દરેક સમાજ પહેલ કરે છે ત્યારે અમરેલી જિલ્લા આહિર સમાજ દ્વારા પોતાની આવનારી યુવા પેઢીને નેતૃત્વ માં સામેલ કરવા અને સમાજના વિકાસલક્ષી કાર્યક્રમમાં યુવાઓને જોડવા માટે જિલ્લા યુવા આહિર સમાજ નામનું સંગઠન આકાર પામ્યું છે. જેનું સુકાન યુવા ઉત્સાહી અને અડધી રાતના હોંકારા સમાન ગણાતા કમલેશ ગરણિયા ને સોંપવામાં આવ્યુ હતુ. આ સંગઠન દ્વારા આવનાર સમયનો સમાજ ઉપયોગી વિકાસલક્ષી પ્રવુતિઓ માટે રોડમેપ તૈયાર કરવા એક મિટિંગ નુ આયોજન અમરેલી ખાતે કરાયું હતુ.

જે અનુસંધાને તારીખ ૧૭મી અને સોમવારના રોજ અમરેલી જિલ્લા ના આહિર સમાજ ના તેજસ્વી વિદ્યાર્થીઓ, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનોની કામગીરી ને બિરદાવી તેમનું સન્માન કરવાનું આયોજન નક્કી કરવામાં આવ્યુ છે. આ સાથે અમરેલી જિલ્લા માં આહિર સમાજના કર્મચારી સરકાર ના વિવિધ વિભાગમાં વર્ગ એકથી ચાર માં ખુબ મોટી સંખ્યામાં પોતાની ફરજ નિભાવતા ત્યારે અમરેલી જિલ્લા આહિર કર્મચારી મંડળ ની રચના કરવી અને લગ્નો પાછળ થતા ખોટા ખર્ચ ઘટાડવા માટે આવનાર સમયમાં આહિર સમાજના સમૂહલગ્નોત્સવ નુ આયોજન કરવા સમગ્ર જિલ્લા માંથી આહિર સમાજના લોકો માટે એક ત્રિવિધ કાર્યક્રમનુ આયોજન અમરેલી જિલ્લા આહિર સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર અને અન્ય આગેવાનો ના માર્ગદર્શન નીચે જિલ્લા યુવા આહિર સમાજના પ્રમુખ કમલેશ ગરણિયાના નેતૃત્વ આવનારી તારીખ ૧૭મી જૂન ને સોમવારના રોજ સવારે નવ કલાકે, કડવા પટેલ સમાજવાડી હનુમાન પરા અમરેલી ખાતે ભવ્ય કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે તો સમગ્ર અમરેલી જિલ્લામાં વસવાટ કરતા આહિર સમાજના લોકોને ઉપસ્થિત રહેવા યુવા આહિર સમાજના પ્રમુખ દ્વારા અનુરોધ કરવામાં છે.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## સીડીએસએલ આઇપીએફએ રોકાણ જાગૃતિ કાર્યક્રમ યોજીને મહિલાઓને આત્મનિર્ભર નિવેશક બનવા સશક્ત કર્યા



રાજકોટ, (પ્રશાંત ચંચલ)

સીડીએસએલ ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ (સીડીએસએલ આઈપીએફ) દ્વારા રાજકોટ, જામનગર અને મોરબીમાં વિવિધ સંસ્થાનોમાં મહિલા રિટેઈલ રોકાણકારો માટે રોકાણ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ નાણાકીય સાક્ષરતામાં સુધારો કરવા અને મહિલાઓને માહિતીસભર રોકાણના યોગ્ય નિર્ણયો કરવા સશક્ત કરવા ઉપર કેન્દ્રિત હતો, જે તેમને આર્થિક સ્વતંત્રતા તરફ દોરી જશે. આ રોકાણના મુખ્ય સિદ્ધાંતો ઉપરાંત વક્તાઓએ રોકાણના ખ્યાલને સરળ બનાવીને પ્રસ્તુત કર્યા હતાં. આ પહેલથી વ્યાપક સહભાગીઓને આવરી લેવા પ્રોગ્રામ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં હતો. મૂડી બજારમાં નાણાકીય સમાવેશીકરણ હાંસલ કરવામાં રોકાણકારોનું શિક્ષણ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે તથા સીડીએસએલ આઈપીએફનો ઉદ્દેશ્ય આત્મવિશ્વાસ સાથે મૂડી બજારોની જટિલતામાંથી આગળ વધવા રોકાણકારોને જ્ઞાન અને કુશળતા પ્રદાન કરવાનો અને આત્મનિર્ભર નિવેશક બનાવવાનો છે.

નાણાકીય સાક્ષરતાનો પ્રસાર કરવા માટે કટીબદ્ધ સીડીએસએલ આઈપીએફ આ વર્ષે ગુજરાત અને સમગ્ર વધુ રોકાણકાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરતું રહેશે.

# બગસરાનાં અલીપીરમાં શાકમાર્કેટવાળુ નાળું તુરંત સાફ કરાવો : વિપક્ષના નેતાશ્રી સરવૈયા

## પાલિકાનાં વિરોધપક્ષના નેતા જમાલભાઇ સરવૈયાની રજુઆત



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) અલીપીર શાકમાર્કેટ માંથી જાતુ વરસાદનું પાણીનો નિકાલ થાય છે તે ભૂંગળું આખું ભરાઈ ગયું હોય અને પાણીનો નિકાલ બંધ થઈ ગયો હોય તો વરસાદ આવે તે પહેલા આ ભુંગળા ની સફાઈ કરવા મા આવે તો વરસાદનું પાણી અલીપીર વિસ્તારના તમામ વેપારીની દુકાનમાં ઘૂસી જાય તેવી સ્થિતિ થાય તેમ છે તેમજ સામે રેસીડેન્ટ હોય તે રેસિડેન્ટને પણ પાણી ઘરવાની શક્યતા હોય આ ભુંગળો તાત્કાલિક ધોરણે ક્યારે સાફ કરશે તે પ્રશ્ન છે. નદીપરા વિસ્તારમાં પાણીના નિકાલ માટે હામાપુર રોડ ઉપર જે પાઈપલાઈન નાખીને પ્રદર્શન કરેલ છે જ્યાં કુંડી બનાવી છે તેની માથે ઢાંકણા નાખી દીધેલ છે તે ઢાંકણા ની જગ્યાએ જે તે વખતમાં કોન્ટ્રાક્ટર દ્વારા કહેવામાં આવેલ હતું કે આમાં લોખંડની જાળી નાખવામાં આવશે પણ ક્યારે વરસાદ હમણાં થોડોક આવ્યો અને હામાપુર રોડ ઈગારશાપીરની દરગાહ પાસે નદી જેવું પૂર આવી ગયું હોય સ્થિતિ સર્જાણી હતી તો તાત્કાલિક ધોરણે ધ્યાની કુંડીમાં લોખંડની જાળી બેસાડી આ પ્રશ્ન પણ ક્યારેય થશે જ્યારે પબ્લિકને નુકસાન થાશે ત્યારે કરશે એવો વેદક સવાલ ત્યાંના રહીશો તેમજ નગરપાલિકા વિરપક્ષના નેતા જમાલ સરવૈયા ઉઠાવી રહ્યા છે તો નગરપાલિકા ક્યારે જાગશે.

# કોવાયામાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો

## અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડ દ્વારા પર્યાવરણ દિને આયોજન



રાજુલા, રાજુલા અલ્ટ્રાટેક કંપની દ્વારા દ્વારા યુનિટ હેડ સંજો ભશ્રીવાસ્તવ ના માર્ગદર્શન તળે એસ આર હેડ શ્રી અજય વૃક્ષ પ્રેમી હોવાથી વધુમાં વધુ વૃક્ષો હોય તેવું અલ્ટ્રાટેક કર્મચારી પરિવારને કરવામાં આવ્યું હતું અજય સાહેબના પ્રત્યે અઢળક પ્રેમ અન્ય કંપની માંથી વૃક્ષ ઉછેર ની જાણકારી અને કઈ જગ્યાએ ક્યુ વૃક્ષનું વાવેતર કરવું તેવા વૃક્ષના પ્રેમી શ્રી અજય સાહેબના માર્ગદર્શન તળે વિશ્વ પર્યાવરણ દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી તેમજ પર્યાવરણ જાગૃતિ અંગે ગ્રામ્ય વિસ્તારના લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આજના તમામ કર્મચારીઓ દ્વારા એક એક વૃક્ષ ઉછેરવા માટેની ભલામણ કરવામાં આવી હતી આ વિસ્તારમાં સૌથી વધારે પર્યાવરણમાં વૃક્ષારોપણ હોય કોવાયા અલ્ટ્રાટેક કંપનીમાં જોવા મળે છે અહીંની ટાઉનશીપ પણ વર્ષોથી વૃક્ષોથી ભરપૂર વૃક્ષો છે આજના કર્મચારી વૃદ્ધો અને બાળકો વૃક્ષો નીસે આરામથી બેસી અને પિકનિક મનાવે અને બાળકો માટે સુંદર હોવાથી સાંજના કર્મચારીઓને આ વૃક્ષો બેસવા માટે આશીર્વાદરૂપ થાય છે જે વૃક્ષો પણ વિવિધ જાતના હોવાથી કલાત્મક ફૂલો રંગબેરંગી સુગંધ જોવા મળે છે આમ આ વર્ષે ચોમાસામાં કંપની દ્વારા માયનિંગ વિસ્તાર કોલોની વિસ્તાર રોડસાઈડ જેટી વિસ્તાર ઉપર વૃક્ષારોપણ કરવાનું કંપનીએ નક્કી કર્યું છે અને દત્તક લીધેલા ગ્રામ્યમાં વિસ્તારની શાળામાં વિભાગના સહયોગથી વૃક્ષો પણ ફાળવવામાં આવશે આમ પર્યાવરણ સુંદર રીતે ઉજવાયો હતો હવે એસ આર હેડ અજય કુમાર અનુભવી હોવાથી ત્યાં ક્યુ વૃક્ષ વાવવું તે પણ નક્કી થશે આ વૃક્ષો પક્ષીઓ માટે વન પ્રાણીઓ માટે આશીર્વાદરૂપ થશે.

### ટાટા કેમિકલ્સની હોસ્પિટલ કમ્યૂનિટી હેલ્થકેરને મજબૂત બનાવે છે

## મીઠાપુર અને તેની આસપાસના ગામોમાં સ્થાનિક લોકો માટે ઓન્કોલોજી કાર્ડિયાક નિષ્ણાંતો, સર્જન અને ફિઝિશન સાથે હેલ્થ કેમ્પનું આયોજન કર્યું

મીઠાપુર/અમદવાદ, (રાજેશ મહેતા)

પોતાના સમુદાયની સુખાકારી માટે પ્રતિબદ્ધ ટાટા કેમિકલ્સ લગભગ ૩૦,૦૦૦ની વસ્તી ધરાવતા સ્થાનિક સમુદાયો અને આસપાસના ગામોના લોકો મીઠાપુરમાં તેની હોસ્પિટલ ખાતે ૧૬મી જૂને સવારે ૯.૦૦થી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી હેલ્થ કેમ્પનું આયોજન કરશે જેમાં રજિસ્ટ્રેશન સવારે ૭.૩૦ વાગ્યાથી શરૂ થશે. આ કેમ્પમાં ફિઝિશયન અને સર્જન દ્વારા મફત જનરલ ચેકઅપ હાથ ધરવામાં આવશે અને એક્સપર્ટ ઓન્કોલોજિસ્ટ અને કાર્ડિયોલોજીસ્ટ દ્વારા સ્પેશિયલાઇઝ્ડ ચેકઅપ તથા હોસ્પિટલની સુવિધાઓ, મેડિકલ ડિવાઈસીસ અને સંબંધિત ઈન્સ્ટુમેન્ટ્સની ફુલ એક્સેસ અને કન્સલ્ટેશન પૂરા પાડવામાં આવશે. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૯ના રોજ સ્થપાયેલી ટાટા કેમિકલ્સ હોસ્પિટલે છેલ્લા ૭૫ વર્ષોમાં ૧૦ મિલિયનથી વધુ દર્દીઓની સારવાર કરીને સ્થાનિક તથા આસપાસના સમુદાયોના લોકો પર નોંધપાત્ર અસર ઊભી કરી છે. સમુદાયોને તેમની પહોંચની અંદર હોય તેવી ગુણવત્તાસભર હેલ્થકેર સેવાઓ પૂરી પાડવા માટે રહીને ટાટા કેમિકલ્સ હોસ્પિટલ આવા હેલ્થ અને વેલનેસ કેમ્પ દ્વારા સંભાળ અને સમુદાયોની સેવાનો વારસો ચાલુ રાખે છે. આગામી હેલ્થકેપમાં જનરલ ફિઝિશિયન, જનરલ સર્જન, કાર્ડિયોલોજીસ્ટ અને ઓન્કોલોજિસ્ટ સહિતના ચાર મેડિકલ પ્રોફેશનલ્સની ટીમ ટાટા કેમિકલ્સ હોસ્પિટલ ખાતે ઊભા થનારા મેડિકલ કેમ્પમાં વિવિધ હેલ્થકેર જરૂરિયાતો પૂરી કરશે. આ પહેલ થકી ટાટા લક્ષ્યાંક મીઠાપુર, સુરજકરાડી, અરંભડા, ભીમરાણા, ઓખા, બેટ, મોજપ, વરવાળા અને બીજા અનેક ગામોના હજારો સ્થાનિક લોકોની સુખાકારીને પ્રાથમિકતા આપવાનું છે. ટાટા કેમિકલ્સ હોસ્પિટલના ચીફ હેલ્થ એન્ડ વેલનેસ ઓફિસર ડો. એસ. ભટનાગરે જણાવ્યું હતું કે, સાત દાયકા કરતા વધુ સમયથી ટાટા કેમિકલ્સ હોસ્પિટલ મીઠાપુરના સમુદાયો માટે ગુણવત્તાસભર હેલ્થકેરનો પર્યાય બની રહી મેડિકલ કેમ્પ સમુદાયની સુખાકારી અને ઉત્થાન પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા રજૂ કરે છે. અમારો સતત પ્રયાસ છે કે દરેક વ્યક્તિને નિષ્ણાંત કન્સલ્ટેશન અને સ્ક્રિનિંગ માટે આ તકનો લાભ લેવા વિનંતી કરવામાં આવે જેનાથી તેમના સ્વાસ્થ્યને લાભ થાય. આ પહેલ અમારા સમુદાયની જરૂરિયાતોને પહોંચી વળવા માટેના અમારા અડગ સમર્પણને રજૂ કરે અને અમે માનીએ છીએ કે આ પ્રયાસો તેમની સુખાકારી માટે અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે. આ પહેલ પર ટિપ્પણી કરતા ટાટા કેમિકલ્સના ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસર શ્રી એન. કામથે જણાવ્યું હતું કે, ટાટા કેમિકલ્સ હોસ્પિટલે છેલ્લા કેટલાક દાયકાઓમાં મીઠાપુરના સમુદાયો માટે હેલ્થકેરની પહોંચ અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કર્યો છે. એક સામાન્ય એકમ શરૂ કરીને, તે સ્થાનિક હેલ્થકેર સિસ્ટમના એક મહત્વપૂર્ણ ભાગ તરીકે વિકસી છે અને વ્યાપક સેવાઓ તથા નિયમિત હેલ્થ ચેકઅપ પૂરા પાડે છે. અમે આશા રાખીએ છીએ કે આ હેલ્થકેમ્પની ઊંડી અસર ઊભી થશે, જે સુવિધાઓથી વંચિત વિસ્તારોમાં હજારો લોકોને આવશ્યક હેલ્થકેર સેવાઓ પૂરી પાડશે, ગંભીર પરિસ્થિતિનું વહેલા નિદાન કરીને પર ધ્યાન આપશે અને એકંદરે સમુદાયના સ્વાસ્થ્યમાં સુધારો કરશે. ટાટા કેમિકલ્સ હોસ્પિટલે મીઠાપુરની હેલ્થકેર સિસ્ટમનું એક અભિન્ન પાસું બની રહી છે જેથી સ્થાનિકો નિયમિત આરોગ્ય તપાસ અને ગુણવત્તાયુક્ત હેલ્થકેર સેવાઓનો લાભ લે.

## રાજકોટ રૂરલ એલસીબીની ટીમે દારૂની ૧૧૦ બોટલો લઇને નીકળેલા ૨ ને ઝડપી લીધા

(જી.એન.એસ) જેતપુર, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ જિલ્લા નાયબ પોલીસ મહાનિરીક્ષક એસપી જયપાલસિંહ રાઠોડે દારૂની હેરાફેરી સદંતર નાબૂદ કરવા અસરકારક કામગીરી કરી વધુમાં વધુ કેસો શોધી કાઢવા સૂચના આપી હતી, જેથી ન્ઝમ ની ટીમ સક્રિય હતી. દરમિયાન બાતમી મળી હતી કે, ગોંડલનાં ઘોઘાવદર રોડ પરથી આટકોટ તરફથી આવતી કારમાં દારૂ લઈ આરોપીઓ નીકળવાના છે. તે બાતમીના આધારે સુરેશ્વર મંદિર, ઘોઘાવડર રોડ પર પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન, બાતમીવાળી શંકાસ્પદ કાર નીકળતા તેને અટકાવી તપાસ કરતા તેમાંથી રૂ.૧,૦૬,૨૦૦ ની કિંમતની દારૂની ૧૧૦ બોટલો મળી હતી. કારમાં સવાર બે શખ્સ જિજ્ઞેશ મનસુખ પટોળિયા (રહે. વડાલ ગામ, બસસ્ટેન્ડ પાછળ તા.જિ. જુનાગઢ) અને ભાવેશ ઉર્ફે નાગજી હરિ ભુવાની (રહે.જેતપુર, મોઢવાડી, જુનો રૂપાવટી રોડ રામનાથ મંદીર પાસે) ધરપકડ કરી હતી. ગોંડલ સિટી એ. ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં એલ.સી.બી. પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ એચ.સી.ગોહિલ, પીએસઆઈ ડી.જી.બડવા, એ.એસ.આઈ. રવીદેવભાઈ બારડ, રોહીતભાઈ બકોત્રા, વકારભાઈ અરબ, બ્રિજરાજસિંહ જાડેજા, બાલકૃષ્ણ ત્રિવેદી, હેડ કોન્સ્ટેબલ દીગ્વિજયસિંહ રાઠોડ, અનિલભાઈ ગુજરાતી, કોન્સ્ટેબલ પ્રકાશભાઈ પરમાર, મેહુલભાઈ સોનરાજ વગેરે ફરજ પર રહ્યા હતા.

## રાજુલાના મોરંગીમાં જમીન ખાલસા કરવાના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપો



અમરેલી,

અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ અને દલિત અગ્રણી શ્રી શાંતિલાલ રાણાવાએ જણાવ્યું છે કે રાજુલાના મોરંગી ગામે ૨૦૧૩માં ૪૯ દલિતોને સાંથળીમાં જમીન ફાળવેલ હતી. આ હુકમ સામે કલેકટરમાં રજુઆત થતાં તત્કાલીન કલેકટર શ્રી આયુશ ઓક દ્વારા ફાળવેલ જમીન ૧૧૬.૧૯ એકર ગુઠા જમીન ખાલસા કરતો હુકમ થયાં બાદ દલિતો સાથે હાઈકોર્ટમાં અમે ગયેલ અને મનાઈ હુકમ મેળવેલો હાઈકોર્ટ દ્વારા કલેકટર અમરેલીને રિમાઈન્ડ કેસ કર્યો. ફરી કલેકટર શ્રી આયુશ ઓકે ૪૯ પૈકી ૧૭ નામે જમીન મંજુર કરી અને ૪૨ લોકોની જમીન કોઈ કારણ વગર રદ કરી જે અંગેનો કેસ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે પરંતુ આ કેસને એક મોટા માથાએ શ્રી આયુક ઓક સાથે મિલીભગત કરી ભ્રષ્ટાચાર કર્યો હતો.

તેવી જોર છોરથી ચર્ચા થઈ હતી. જેમાં તે વખતે કલેકટર ઓફિસના નાયબ મામલતદાર સામેલ હતાં. આ અંગે જમીનો ખાલસા કરવા શ્રી રાણવાએ વિનંતી કરી છે. દલિત આગેવાન દિનેશભાઈ સરવૈયાની જુબાની લેવામાં આવે તેમ શ્રી રાણવાએ જણાવ્યું છે.

## મહુવાના ખારી ગળથરમાં વાવણીલાયક ધોધમાર વરસાદ

### કડાકા ભડાકા સાથે વરસાદથી નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

મહુવા, (રહીમ વસાયા) મહુવા તાલુકાના ખારી, ગળથર સહિતના ગામોમાં વિજળીના કડાકા ભડાકા સાથે વાવણીલાયક ધોધમાર વરસાદ પડયો હતો જેના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

## ગાંધીનગરમાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રીનાં અધ્યક્ષ સ્થાને યોજાઇ

(જી.એન.એસ) ગાંધીનગર, ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક આજરોજ ઈ.ચા. જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સંજય મોદીના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. આ બેઠકમાં માણસા ગામમાં રૂપિયા ૩૦ લાખથી વધુના ખર્ચે નવનિર્માણ થનાર પાણીની ટાંકીની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકના આરંભે યુનિટના મેનેજર અને સમિતિના સભ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં તા. ૦૩ જૂન, ૨૦૨૪ અંતિત જુદી – જુદી ૨૮૮ ગામની ગ્રામસમિતિઓની કુલ- ૩૮૩ યોજનાઓને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી હતી.

### પૂ. મહંતશ્રી જેરામબાપુના વરદ હસ્તે

# બગસરા શહેરમાં ઠાકર મહારાજના વાઘા ધજા, તોરણ સોડની અર્પણ વિધી યોજાઇ

### મનોરથી શ્રી સંજયભાઇ નાંઢા પરિવાર તરફથી અર્પણ કરાયાં



બગસરા, (રૂપેશ રૂપારેલીયા, સમીર વિરાણી) બગસરા આપાગીગા ગાદી મંદિરે બીજ નિમિતે શ્રી ઠાકર મહારાજ તેમજ આપાગીગા ગાદી મંદિરના સંતશ્રી રાઘવજીબાપાના આર્શિવાદથી ઠાકર મહારાજના વાઘા તેમજ ધજા તોરણ સોડના મનોરથી શ્રી સંજયભાઈ જયંતિભાઈ નાંઢા પરિવાર તરફથી અર્પણ વિધી પુજય મહંતશ્રી જેરામબાપુના હસ્તે કરવામાં આવી હતી. સાંજે ૫ કલાકે સતસંગ સભામાં મનોરથીશ્રી સંજયભાઈ નાંઢાનું પુજય બાપુ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આવેલા મહેમાનોનું શાલ ફુલહારથી સ્વાગત કર્યુ હતું. આ સમારોહમાં જુનાગઢથી પ્રમુખ શ્રી પ્રફુલભાઈ સોલંકી, ઉપપ્રમુખ જયસુખભાઈ નાંઢા, વાઝા બુલેટીંગ તંત્રી મણીભાઈ સોલંકી, બગસરા વાઝા જ્ઞાતિના પ્રમુખ રશ્મિનભાઈ ડોડીયા, અમદાવાદથી કલ્પેશભાઈ નાંઢા, મુંબઈથી વિમલભાઈ નાંઢા સહિત પધાર્યા હતાં. આ કાર્યક્રમમાં આવેલ ભેટ નવનિર્મિત ગાદી મંદિરના બાંધકામમાં અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રદિપભાઈ ગઢીયા તેમજ વિવેકભાઈ ગોહિલે કર્યુ હતું.

### છેલ્લા પાનાનું

#### પ્રવાસન ધામ

ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્યશ્રી જે.વી.કાકડિયા, સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા સહિતનાઓની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોના વિકાસ માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ધારીના આંબરડી સફારી પાર્ક ખાતે વિકાસકાર્યો હાથ અંગે ચર્ચા કરવામાં આવી હતી. અમરેલી શહેરમાં આઈકોનિક હેરિટેજ ટાવર છે તેના રિસ્ટોરેશનની કામગીરી આગળ ધપાવવાની નેમ છે. ધારીના આંબરડી સફારી પાર્કની નજીકના વિસ્તારમાં આગામી સમયમાં વિકાસ કામો થશે, દુધાળા ખાતે ઓપન સફારી પાર્ક વિકસિત કરવા બાબતે વન વિભાગ સાથે બેઠક યોજવામાં આવશે. દેવળીયા પૌરાણિક શિવ મંદિર અને પૌરાણિક છે, તે જગ્યાના વિકાસ માટે કામગીરી થશે. રાજુલાના ધાતરવડી ડેમ-૧ની પર નાગરિકોની મોટા પ્રમાણમાં અવરજવર રહે છે, મુલાકાતીઓને વિશેષ સુવિધા મળે તે માટે બાંકડા, ટોઈલેટ બ્લોક, ગાર્ડન સહિતની સુવિધાઓ વિકસવવામાં આવશે. સાવરકુંડલા-ગીરધર વાવને વિકસિત કરવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેક્ટરશ્રી ગોહિલે કર્યુ હતુ. પ્રવાસન વિકાસ સમિતિની બેઠકમાં જિલ્લાના સર્વે પ્રાંત અધિકારીશ્રી સહિત સંબંધિત અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

### પહેલા પાનાનું

#### બાળકી બોરમાં

છે. જાણવા મળતી વિગતો અનુસાર સુરગપરાની સીમમાં ભનુભાઈ કાકડીયાની વાડીમાં કામ કરતા પરપ્રાંતીય પરિવારની દોઢ વર્ષની બાળકી આરોહી રમતા રમતા બોરમાં પડી ગઈ હતી. તેની જાણ થતા મોટી સંખ્યામાં સુરગપરાનાં ગામનાં લોકો વાડીએ દોડી આવ્યાં હતાં અને અમરેલી ફાયર તેમજ ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ સુરગપરા દોડી ગઈ હતી. આરોહી નામની બાળકી ૪૦ થી ૫૦ ફુટ ઉંડે ફસાઈ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જેના પગલે ૧૦૮ ની ટીમ દ્વારા બાળકીને ઓક્સીઝન આપવાની કામગીરી હાથ ધરાઈ છે. ગાંધીનગરથી પણ એનડીઆરએફની એક ટીમ સુરગપરા જવા નિકળી છે. જ્યારે રાજુલાથી રોબોટની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને રોબોટ દ્વારા જલ્દી બાળકીને બહાર કાઢવા પ્રયત્નો તંત્ર દ્વારા કરાઈ રહ્યાં છે. બાળકી અંદાજે ૫૦ ફુટ નીચે હોવાના અનુમાન વચ્ચે હાલ ઓક્સીઝન સપ્લાય ચાલુ છે અને કેમેરા દ્વારા બાળકીની સ્થિતિ પર નજર રખાઈ રહી છે. આ બાળકી સુરક્ષીત રીતે બહાર નિકળે તે માટે પ્રાર્થના થઈ રહી છે. બનાવની જાણ થતા સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા અને લાઠીનાં પ્રાંત અધિકારી તથા મામલતદાર સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી ગયેલ છે.

# ધારી નજીક જીરા ખાતે જિલ્લા કક્ષાની સક્ષમ શાળા નિવાસી તાલીમ યોજાઇ

## સમગ્ર શિક્ષા અંતર્ગત સક્ષમ શાળા પ્રોજેક્ટ માટે તાલીમ અપાઇ

ધારી, રાજય કક્ષાના સમગ્ર શિક્ષા અંતર્ગત ‘સક્ષમ શાળા‘ પ્રોજેકટ ચાલી રહેલ હોય જે અન્વયે અમરેલી જિલ્લા કક્ષાની ‘સક્ષમ શાળા‘ નિવાસી તાલીમ તા.૧૦ તથા ૧૧ જૂન ૨૦૨૪ ના ધારી તાલુકાના જિરા મુકામે આવેલ ઈન્ટરનેશનલ શાળા ખાતે યોજાયેલ હતી. આ તકે રાજય કક્ષાના યુનિસેફના પ્રતિનીધી તરીકે પધારેલ શ્રી ક્રુતિ જૈન મેડમ દ્વારા પ્રોજેકટની વિસ્તૃત સમજ આપેલ અને તાલીમનુ મુલ્યાંકન કરેલ તેમજ આ તકે જિલ્લા ઓ.આઈ.સી.શ્રી કનુભાઈ જાદવ સાહેબ તથા ડી.પી.ઈ.શ્રી ચિરાગભાઈ જોષી, ઉપસ્થિત રહેલ હતા અને શ્રી કનુભાઈ જાદવના માર્ગદર્શન હેઠળ તાલીમનું થયેલ આ તકે ધારી બી.આર.સી.કો.ઓ.શ્રી અતુલભાઈ દવે તથા તેમની ટીમના સભ્યો કસવાળા વરૂણભાઈ, સાવલીયા કમલેશભાઈ, જોષી પરાગભાઈ, ઠાકર મુકુન્દભાઈ, રાજયગુરૂ ધર્મેશભાઈ, મકવાણા રસીકભાઈ, સોલંકી જગદિશભાઈ, જાડા કનાભાઈ, લકુમ અલ્પેશભાઈ, બારૈયા ગજાનનભાઈ, જાડેજા અલ્પેશભાઈ દ્વારા તાલીમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ. આ તાલીમમાં અમરેલી જિલ્લાના તમામ બી.આર.સી.કો.ઓ અને ટી.આર.પી.ઓ જિલ્લાના તમામ સી.આર.સી મિત્રોને તાલીમ આપેલ હતી. આ તાલીમ માટે સુંદર વ્યવસ્થા કરનાર મુનિ ઈન્ટરનેશલ સ્કુલ જિરાના સંચાલક ચાંદનીબેન જોષી તથા નિરવભાઈ નો બી.આર.સી.ટીમ દ્વારા આભાર માનેલ હતો.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ જિલ્લામાં નાગરિકોને યોગની તાલીમ આપીને ‘યોગ સપ્તાહ’ની કરાતી ઉજવણી

ભુજ, ગુજરાતમાં રાજ્ય સરકાર અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વતૈયારીના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં તારીખ ૧૪ જૂનથી ૨૦ જૂન સુધી યોગ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યો છે. કચ્છમાં ખાતે આવેલા બીએસએફ કેમ્પ, જેલ અને અલગ અલગ સ્થળોએ યોગની તાલીમ આપીને યોગ બોર્ડ દ્વારા યોગ સપ્તાહની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આજે તારીખ ૧૫ જૂનના રોજ મુન્દ્રા રોડ પર આવેલા ૫૯ બીએસએફ કેમ્પ ગ્રાઉન્ડમાં ભુજ શહેરવાસીઓ, બીએસએફ જવાનો, પોલીસના જવાનો સાથે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રીતે ગાંધીધામ ખાતે હોટલ રેડિશનમાં તારીખ ૧૬ જૂનના સવારે ૦૬ કલાકથી ૦૮ કલાક સુધી યોગ શિબિરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના પૂર્વે યોગ બાબતે લોકોમાં અવેરનેસ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહીને યોગ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. યોગ બોર્ડ દ્વારા યોગ વર્ગોમાં કોમન યોગા પ્રોટોકોલની તાલીમ, દરેક સોસાયટીઓમાં ગામડાઓમાં યોગના કાર્યક્રમો, રાત્રિ સંવાદના માધ્યમથી યોગનો પ્રસાર પ્રચાર, ખાટલા બેઠક કરી યોગનું મહત્વ સમજાવવું, સ્કૂલોમાં જઈ યોગના અવરનેસના પ્રોગ્રામો, શિક્ષકોને યોગની તાલીમ આપવી વગેરે કાર્યક્રમો આયોજિત થઈ રહ્યા છે. વધુમાં યોગ જાગરણ રેલી કાઢી યોગનો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ જિલ્લા સંકલન સમિતિ તથા જિલ્લા ફરીયાદ સમિતિની બેઠક આજે યોજાશે

જૂનાગઢ, જૂનાગઢ જિલ્લા સમિતિ તથા જિલ્લા ફરીયાદ સમિતિની બેઠક દર માસના ત્રીજા શનિવારે કલેક્ટર કચેરીના મુખ્ય સભાખંડ ખાતે યોજવામાં આવે છે. પરંતુ લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી જાહેર થયેલ તથા આદર્શ આચારસંહિતા હોવાથી અને ચૂંટણીમાં અધિકારીઓ રોકાયેલા હોવાથી અને ચૂંટણી સંબંધે અન્ય કામગીરીને ધ્યાને લઈ જિલ્લા સંકલન સમિતિ તથા જિલ્લા ફરીયાદ સમિતિની બેઠકો મુલતવી રાખવામાં આવેલ હતી.

ચૂંટણી પ્રક્રિયા અને આદર્શ આચારસંહિતા પુર્ણ જાહેર થતા આગામી જૂનાગઢ જિલ્લા સંકલન તથા ફરિયાદ સમિતિની બેઠક તા. ૧૫-૦૬-૨૦૨૪ના રોજ સવારે ૧૦.૦૦ કલોકે યોજવામાં તેમ અધિક નિવાસી કલેક્ટરશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## તા. ૧૬ જુનથી ૧૫ ઓક્ટોબર સુધી ગીર અભયારણ્ય ખાતે આવેલ ગીર ઇકો ટુરીઝમ ઝોન બંધ રહેશે

જૂનાગઢ, આગામી ચોમાસાની તુને ધ્યાનમાં રાખીને આગામી તા. ૧૬ જૂનથી ૪ માસ માટે ગીર અભયારણ્ય ખાતેનું ગિર ઈકો ઝોન (નિયત કરેલ રૂટ ઉપર) બંધ રાખવામાં આવશે. તારીખ ૧૬ જુન ૨૦૨૪ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ સુધી મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવેલ છે. આગામી ચોમાસાની તુને ધ્યાનમાં રાખી વન વિભાગ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, પ્રવાસીઓ માટે ગીર પરિચય ખંડ દેવળીયા (દેવળીયા સફારી પાર્ક) ખુલ્લુ આ સફારી પાર્કની મુલાકાત લેતા પ્રવાસીઓ ઓફિસિયલ વેબસાઈટ (https&//girlion.gujarat.gov.in/)પરથી ઓનલાઈન બુકિંગ પણ કરી શકશે. તેમ સાસણ ગીરના વન્યપ્રાણી વિભાગ નાયબ વન સંરક્ષકશ્રીની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ગીરસોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીર સોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# સાંસદ, ધારાસભ્ય, કલેક્ટરે વૃક્ષ દત્તક લઈને હરિયાળું ગીર સોમનાથ કેમ્પેઈનનો વિધીવત પ્રારંભ કરાવ્યો

ગીર સોમનાથ,

સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગને લીધે આજે અસંતુલિત આબોહવાનો અનુભવ કરી રહ્યું છે. વિશ્વમાં ધીમે-ધીમે ઉષ્ણતામાનમાં વધારો થઈ રહ્યો છે. સમગ્ર જીવસૃષ્ટિ પર તેની વિપરીત અસરો પડી રહી છે. આ બધાથી બચવાનો એકમાત્ર ઉપાય પર્યાવરણની સમતુલા જાળવવાનો છે. તેમાં, ખાસ કરીને વૃક્ષો એ પર્યાવરણનું જતન કરવા માટે મહત્ત્વપૂર્ણ ભાગ છે, ત્યારે ચોમાસા પૂર્વે વધુને વધુ વૃક્ષારોપણ થાય તેવાં ઉમદા ઉદ્દેશ્યથી ગીર સોમનાથ જિલ્લામાં ’હરિયાળું ગીર સોમનાથ’ કેમ્પેઈનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આજે સવારે ટાવર ચોક પાસે આવેલા ડો.આંબેડકર ગાર્ડન ખાતેથી સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ અને જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ વૃક્ષ દત્તક લઈને ’હરિયાળું સોમનાથ’ કેમ્પેઈનનો પ્રારંભ કરાવ્યો હતો. ’વૃક્ષો વાવો, સૃષ્ટિ બચાવો’ના અભિગમને સાર્થક કરવા પ્રારંભ કરાયેલા કેમ્પેઈનમાં ડો.આંબેડકર ગાર્ડન પાસે સદભાવના ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવેલા સ્ટોલ ખાતે નિશ્ચિત રકમ લઈને વૃક્ષોને દત્તક લેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જ્યાં નગરજનોએ મોટી સંખ્યામાં વૃક્ષો દત્તક લીધા હતા.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૫-૦૬-૨૦૨૪ શનિવાર



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## શ્રી ખડેશ્વરી બાપુની મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભાગવત જ્ઞાનયજ્ઞ નિમિતે જનમેદની ઉમટી

# રિકડીયામાં શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ ઉત્સવ ઉજવાયો

**શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ નિમિતે આજે તા.૧૫ ના રોજ સુદામા ચરિત્ર પરિક્ષીત મોક્ષની ઉજવણી કરાશે : ભાગવત જ્ઞાનયજ્ઞમાં અનેરો ધાર્મિક માહોલ સર્જાયો**

**ગઇ કાલે રાત્રે પ્રાચિન રાસ ગરબાની રમઝટ બોલી હતી આજે તા.૧૫ ના રોજ ભગવતી ગૌસ્વામી અને શ્રી શ્રવણબાપુ નિમાવતનો સંતવાણી ડાયરો**



અમરેલી,અમરેલીનાં રીકડીયા ગામે શ્રી ખડેશ્વરબાપુ મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ નિમિતે સંગીતમય શૈલીમાં વ્યાસપીઠ પરથી શ્રી રમણીકભાઈ દવે સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી રહયા છે. આજે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞમાં શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહનો પ્રસંગ આસ્થાભેર ઉજવાયો હતો. તા.૧૪ રાત્રે ૯ કલાકે પ્રાચિન રાસ ગરબાની રમઝટ બોલી હતી તા.૧૫ રાત્રે ૯ વાગ્યે સંતવાણી ડાયરામાં ભગવતી ગૌસ્વામી તથા શ્રવણબાપુ નિમાવત સંતવાણી ભજનો પીરસશે. રીકડીયામાં ત્રિવીધ કાર્યક્રમોને કારણે અનેરો ધર્મમય માહોલ સર્જાયો છે. ૧૬ મી એ મુર્તિ પ્રતિષ્ઠા અને સંતોના આર્શિવચન પાઠવાશે. તેમ મહંતશ્રી યોગીરાજ શિવમદાસબાપુ તેમજ શ્રી ખડેશ્વરબાપુ ભકત સેવક સમુદાય રીકડીયા ગામ દ્વારા જણાવાયુ છે. રીકડીયાના ત્રિવીધ કાર્યક્રમોમાં વિશાળ સંખ્યામાં આસપાસના ગામોમાંથી જન મેદની ઉમટી પડી કથા શ્રવણનો લાભ લઈ રહેલ છે.

## અમરેલી માટે ગૌરવી પળ: સહકારનું નવુ સરનામું

# શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીની નૂતન શાખાનો પ્રારંભ

**શ્રી સંઘાણી, શ્રી વેકરિયા, શ્રી કાછડિયા, શ્રી સોજીત્રા, શ્રી રૈયાણી, શ્રી હિરપરા, શ્રી સાવલિયા સહિતે મુલાકાત લીધી**



અમરેલી,ગુજરાતની શ્રેષ્ઠ સહકારી શરાફી મંડળી વિજેતા શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરાની સહકારી સફર પ્રેરણાદાયી અને સફળતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બની છે. ગુજરાતની વસુંધરા સહકારથી જોડાયેલી છે. ગામડાને મુખ્ય ધારામાં લાવવાનું કામ સહકારના ક્ષેત્રથી સાકાર થયું છે. ખેતી, ખેડૂત અને ગામડુ ભારતનો આધાર છે અને તેની આધારશિલા સહકારી પ્રવૃતિ છે. શ્રી સૌરાષ્ટ્ર નાગરિક સહકારી મંડળી લી. બગસરાના ચેરમેન શ્રી અનિલભાઈ વેકરિયાએ એક દાયકા પહેલા આ સંસ્થાની શરૂઆત કરી. સહકારના ભાવ સાથે શરૂ થયેલી આ સંસ્થા સાથે દસ હજારથી વધુ સભાસદો જોડાયેલા છે. બગસરા, અમરેલી, ભેસાણ, અમદાવાદ, ધારી, ચુડા, ભલગામ, વિસાવદર અને કુંકાવાવમાં આ સંસ્થાઓની શાખાઓ કાર્યરત છે. આધુનિક સમય સાથે પરિવર્તનના પ્રવાહને અભિગમ અપનાવીને ચેરમેન શ્રી અનિલભાઈ વેકરિયાએ શરાફી મંડળીઓની શાખાઓને અત્યાધુનિક અને સુવિધાસભર બનાવી છે. અમરેલી એ ગુજરાતની સહકારી ક્રાંતિનું કેન્દ્રબિંદુ છે. સહકાર શિરોમણી ઈફ્કો ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શનમાં આ સંસ્થાનું ઘડતર થયું છે. અમરેલીમાં છેલ્લા ત્રણેક વરસથી કાર્યરત આ સંસ્થાની શાખાની પ્રગતિને ધ્યાનમાં રાખીને સભાસદોના વિશ્વાસને વધુ મજબૂત માટે નાવીન્ય સાથે નૂતન શાખા તૈયાર કરવામાં આવી, દેવાના દેવ પંચનાથ મહાદેવના સાંનિધ્યમાં અમરેલીની શાખ ગણાતા જુના માર્કેટિંગ યાર્ડમાં શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરાની અમરેલીની નૂતન અને સુવિધાયુક્ત શાખાનો શાસ્ત્રોક્ત પૂજા-અર્ચના અને પ્રભુ પ્રાર્થના સાથે શુભારંભ કરવામાં આવ્યો. ચેરમેન શ્રી અનિલભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, અમરેલીમાં સરિતાનો નવો અધ્યાય શરૂ થયો છે. વડીલો, સ્નેહીજનો, પરિવારજનો અને ગુરૂજનોના આશીર્વાદ અને સહયોગથી સહકારના ભાવને જાળવીને વધુમાં વધુ ખેડૂતો, સભાસદો અને ગ્રામજનોના વિશ્વાસને સાર્થક કરીશું. વાઈસ ચેરમેન શ્રી દિવ્યેશ વેકરિયા, મંત્રી શ્રી દિપકભાઈ આંબલિયા અને એમ ડી શ્રી જયસુખભાઈ ગોંડલિયા સહિત સૌરાષ્ટ્ર પરિવારના કર્મચારીઓની ઉપસ્થિતિમાં પૂજા વિધી સાથે શાખાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. સંસ્થાની નૂતન શાખાના શુભારંભ પ્રસંગે ઈફ્કો ચેરમેન અને માર્ગકર્શક શ્રી દિલીપભાઈ સંઘાણી, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, પૂર્વ સાંસદ શ્રી નારણભાઈ કાછડિયા, માર્કેટિંગ યાર્ડના પુર્વ ચેરમેન શ્રી પી પી સોજીત્રા, લેઉઆ પટેલ સમાજના મેનેજિંગ ડિરેકટર શ્રી ડીકે રૈયાણી, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા, પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી શ્રી હિરેનભાઈ હિરપરા, લેઉઆ પટેલ સમાજ પ્રમુખ શ્રી દિનેશભાઈ ભુવા, શ્રી કાંતિભાઈ વઘાસિયા, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા, ખરીદ વેચાણ સંઘ પ્રમુખ શ્રી જેન્તીભાઈ પાનસુરિયા, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ ત્રાપસિયા, શહેર ભાજપ મહામંત્રી શ્રી રાજેશભાઈ પુર્વ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી વનરાજભાઈ કોઠિવાળ અને શ્રી દિલીપભાઈ સાવલિયા, ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ શ્રી ભગીરથભાઈ ત્રિવેદી, સીએ શ્રી કોઠિયા સાહેબ, ભાજપ અગ્રણી શ્રી જલ્પેશભાઈ મોવલિયા, શ્રી રમાબેન હિરપરા, શ્રી કાળુભાઈ રૈયાણી, શ્રી ઘનશ્યામભાઈ રૈયાણી, શ્રી કાળુભાઈ તારપરા, તાલુકા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન શ્રી પ્રવિણભાઈ ચાવડા, શ્રી રોહિતભાઈ શ્રી અરવિંદભાઈ કાકડિયા, શ્રી રિતેશભાઈ સોની, શ્રી ભરતભાઈ વેકરિયા, શ્રી જગદિશભાઈ તળાવિયા સહિત એડવાઝરી બોર્ડ મેમ્બર શ્રી મુકેશભાઈ કોરાટ, શ્રી અરૂણભાઈ ડેર, શ્રી ધર્મેશભાઈ વિસાવળિયા, શ્રી જયસુખભાઈ સોરઠિયા, શ્રી સંજયભાઈ માલવિયા, શ્રી દિપકભાઈ ધાનાણી, સીએ શ્રી હિતેશભાઈ ખણેસા અને સહયોગી શ્રી હિરેન યાદવ અને શ્રી ઉત્તમ વેકરિયા સહિતના આગેવાનોએ મુલાકાત લીધી હતી.

## સંતો મહંતો રઘુવંશી અને રાજકીય મહાનુભવોની ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા સમુહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમનું આયોજન

**૩૧ રઘુવંશી બટુકોને યજ્ઞોપવિત ધારણ કરાશે: રઘુવંશી સમાજનું અનેરૂ આયોજન**



ચલાલા, અખીલ સૌરાષ્ટ્ર કચ્છ અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા રઘુવંશી સમાજ માટે યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમનું આયોજન થતા ૩૧ બટુકોને યજ્ઞો પવિત ધારણ કરાવાશે. અમરેલીમાં માતુશ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજનવાડી ખાતે તા.૧૬ રવિવારે સવારે કાર્યક્રમ સાથે બપોરે ૧૨ કલાકે અમરેલી સમસ્ત રઘુવંશી જ્ઞાતી ભોજન પ્રસાદ યોજાનાર છે. આ શુભ પ્રસંગો માટે જિલ્લા રઘુવીર સેનાની તડામાર તૈયારીઓ થઈ રહી છે. તા.૧૫ શનિવારે બપોરે ૪ કલાકે મંડપ મુહુર્ત અને ૪.૩૦ કલાકે માળારોપણ, સાંજના ૫ કલાકે સાંજીના ગીત, ૫.૩૦ કલાકે પીઠી, સાંજના ૭.૩૦ કલાકે આમંત્રીત મહેમાનો માટે ભોજન સમારોહ અને રાત્રે ૯.૩૦ કલાકે દાંડીયા રાસ અને ૧૦.૩૦ કલાકે અલ્પાહાર તેમજ તા.૧૬ રવિવારે સવારે ૭.૦૦ કલાકે ગૃહ શાંતિ, ૭.૩૦ કલાકે યજ્ઞો પવિત સંસ્કાર વિધી, બપોરે ૧૧ કલાકે કાશી યાત્રા અને બપોરે ૧૨ કલાકે સમસ્ત રઘુવંશી જ્ઞાતી ભોજન યોજાશે. આ ભવ્ય કાર્યક્રમમાં અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના સુપ્રિમો અને જુનાગઢ મહાપાલિકાના ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, પદુભાઈ રાયચુરા, શ્રી કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા, શ્રીમતી સોનલબેન વઢાણી, શ્રી ચંદ્રેશભાઈ રવાણી, લોહાણા મહાજન પ્રમુખ જીતુભાઈ સોમૈયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, સંજયભાઈ વણજારા, મહેશભાઈ નગદીયા, પ્રફુલભાઈ બાટવીયા, વિકાસભાઈ વડેરા, દિનેશભાઈ પોપટ, બિરજુભાઈ અટારા, નિર્મળભાઈ થાવાણી, શૈલેષભાઈ ઠકકર, પંકજભાઈ મજેઠીયા, વિજયભાઈ લાખાણી, પરેશભાઈ કારીયા સહિત ગુજરાતભરના રઘુવંશી શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી શુભકામના પાઠવશે આ કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી પ્રવિણભાઈ વસંતભાઈ સોનપાલ હસ્તે પિયુષભાઈ સોનપાલ, ગૌ.વા. ભીખાલાલ રાઘવજીભાઈ માનસેતા હસ્તે નવીનચંદ્ર વી. માનસેતા તેમજ ગો.વા.શ્રી વનમાળીદાસ ત્રીભોવનદાસ સોઢા હસ્તે પ્રવિણભાઈ સોઢા તથા દદુભાઈ સોઢા સહિતનાં તમામ દાતાશ્રીઓનું ઉપસ્થિત મહેમાનો અને રઘુવીર સેના દ્વારા સન્માન કરશે. લોહાણા મહાજન પ્રમુખશ્રીઓ સહિત હોદેદારો અને જિલ્લાભરના તમામ શહેરોના રઘુવીર સેના પ્રમુખશ્રીઓ અને હોદેદારો ઉપસ્થિત રહી શુભકામના પાઠવશે. સમુહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ સફળ બનાવવા જિલ્લા રઘુવીર સેના માર્ગદર્શક ભાવેશભાઈ સોઢા, લોહાણા મહાપરિષદ અમરેલી રીજીયન પ્રમુખ સંજયભાઈ વણજારા, જિલ્લા રઘુવીર સેના પ્રમુખ વિશાલભાઈ સોઢા, જિલ્લા રઘુવીર સેના ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, પ્રિતેશભાઈ માનસેતા, મહેશભાઈ મશરૂની આગેવાની અને માર્ગદર્શન નીચે શહેર રઘુવીર સેનાના પ્રમુખશ્રી પિયુષભાઈ સોનપાલ, અંકુરભાઈ ઠકકર, બીરજુભાઈ અટારા, જયદીપભાઈ ગણાત્રા, રવીભાઈ ભીમજીયાણી, જીજ્ઞેશભાઈ પોપટ, અર્જુનભાઈ ગઢીયા, જીજ્ઞેશભાઈ તથા પુનીતભાઈ માનસેતા, સાવરકુંડલાના પ્રમુખ હિતેશભાઈ સરૈયા, બાબરાના પ્રમુખ રશીભાઈ રૂપારેલીયા, ધર્મેશભાઈ પોપટ, રવીભાઈ કારીયા, બગસરા પ્રમુખ મોહીતભાઈ મશરાણી, જીજ્ઞેશભાઈ વડેરા, દામનગર પ્રમુખ હાર્દિકભાઈ શીંગાળા, ભાવીનભાઈ વસાણી, વડીયા પ્રમુખ તુષારભાઈ ગણાત્રા, મિતુલભાઈ ગણાત્રા, જીગાભાઈ સેજપાલ, મહિલા રઘુવીર સેના પ્રમુખ સોનલબેન નથવાણી સહિતની બહેનો અને રઘુવીર સેનાના સભ્યો જહેમત ઉઠાવી રહેલ છે.

